dailyhunt સંજોગ ન્યૂઝ
અમરેલી નું સુપ્રસિદ્ધ દૈનિક સંજોગ ન્યૂઝ હવે Dailyhunt પર...
અમરેલી ગુજરાત સહિત દેશ વિદેશ, રમતગમત તમામ સમાચાર
વાંચવા માટે Dailyhunt પર સંજોગ ન્યૂઝને ફોલો કરો.
https://dhunt.in/RbYBS

# સંજોગ ન્યૂઝ

SANJOG NEWS DAILY GUJARATI - AMRELI, RNI NO. GUJGUJ/2017/75270, Postal Reg.No.AMR/207/Validup to 2024-26

Year -09 | Issue- 151 | AD - 2026, Fagan Vad - 06 | Monday Dt. 09-03-2026 | Editor : Vasant Movliya : Phone : (02792) 225225 | E-mail : sanjognews@gmail.com | Page-08 Price : Rs.3-00

### પહેલી વખત કોઈ યજમાન ટીમ બની ચેમ્પીયન

## ન્યુઝીલેન્ડને ૯૬ રને હરાવી ભારત ત્રીજી વખત T-20 વર્લ્ડ ચેમ્પીયન બન્યું

અમદાવાદ તા.૦૮

અમદાવાદમાં ભારતે ઈતિહાસ રચી દીધો છે. T-20 વર્લ્ડ કપની ફાઈનલમાં ટીમે ન્યૂઝીલેન્ડને ૯૬ રને હરાવ્યું છે. આ સાથે જ ટીમ ઈન્ડિયાએ સતત બીજીવાર T-૨૦ વર્લ્ડ કપ જીત્યો છે. અમદાવાદના નરેન્દ્ર મોદી સ્ટેડિયમમાં ન્યૂઝીલેન્ડે ટૉસ જીતીને બોલિંગ પસંદ કરી હતી. ભારતીય ટીમે ૨૦ ઓવરમાં ૫ વિકેટે ૧૯ ચોગ્ગા અને ૧૮ છગ્ગાની મદદથી ૨૫૫ રન બનાવ્યા. આ T-20 વર્લ્ડ કપ ફાઈનલનો અત્યાર સુધીનો સૌથી મોટો સ્કોર છે. અગાઉનો રેકોર્ડ ૧૭૬ રનનો હતો. ઓપનર સંજુ સેમસને ૮૯, અભિષેક શર્માએ ૫૨ અને ઈશાન કિશને ૫૪ રનની ઈનિંગ્સ રમી હતી. આ ઈનિંગ્સના જોરે ટીમ ઈન્ડિયાએ ૧૫ ઓવરમાં જ ૨૦૦ રનનો આંકડો પાર કરી દીધો હતો. પરંતુ, ૧૬મી ઓવરમાં જિમી નીશમે કેપ્ટન સૂર્યકુમાર યાદવ (૦), ઈશાન કિશન (૫૪ રન) અને સંજુ સેમસન (૮૯ રન)ને પેવેલિયન ભેગા કરીને ભારતની રન ગતિ પર બ્રેક લગાવી દીધી હતી. ટીમ છેલ્લી પાંચ ઓવરમાં ફક્ત ૫૨ રન જ બનાવી શકી હતી જેમાંથી ૨૪ રન ૨૦મી ઓવરથી આવ્યા. હોસ્ટ કન્ટ્રી તરીકે આ ટ્રોફી જીતનાર પણ ભારત પહેલી ટીમ બની છે.



ન્યુઝીલેન્ડની શરૂઆત ઘણી ખરાબ રહી હતી. ઈનિંગની ત્રીજી જ ઓવરમાં અક્ષર પટેલે ખતરનાક ફિન એલન (૯ રન) ને આઉટ કરીને ભારતને પ્રથમ સફળતા અપાવી હતી. ત્યારબાદ આગલી જ ઓવરમાં જસપ્રીત બુમરાહે રચિન રવિન્દ્ર (૧ રન)ને આઉટ કરી ન્યુઝીલેન્ડને બેકફૂટ પર ધકેલી દીધું હતું. ૬ ઓવરના અંતે ન્યુઝીલેન્ડનો સ્કોર ૩ વિકેટે ૫૨ રન હતો. એકતરફ વિકેટો પડી રહી હતી, ત્યારે ઓપનર ટીમ સેફર્ટે એકલા હાથે લડત આપી હતી. તેણે માત્ર ૨૩ બોલમાં પોતાની અડધી સદી પૂરી કરી હતી. સેફર્ટે ૨૬ બોલમાં ૫૨ રન (૨ ચોગ્ગા અને ૫ છગ્ગા) ફટકારીને કીવી ટીમની આશા જીવંત રાખી હતી, પરંતુ વરુણ ચક્રવર્તીએ તેને આઉટ કરીને ન્યુઝીલેન્ડની જીતની આશાઓ પર પાણી ફેરવી દીધું હતું. મધ્ય ઓવરોમાં કેપ્ટન મિશેલ સેન્ટનરે (૪૩ રન) થોડો સંઘર્ષ કર્યો હતો, પરંતુ અંતિમ ઓવરોમાં જસપ્રીત બુમરાહ ફરી ત્રાટક્યો હતો. તેણે પોતાની સ્પેલમાં ૧૩ રન આપી ૪ વિકેટ ઝડપી હતી, જેમાં જેમ્સ નીશમ અને મેટ હેનરીને સતત બે બોલ પર આઉટ કર્યા હતા.અંતે ૧૯મી ઓવરમાં અભિષેક શર્માએ છેલ્લી વિકેટ ઝડપી ન્યુઝીલેન્ડની ઈનિંગને ૧૫૯ રન પર સમેટી લીધી હતી. ભારતે આ મેચ ૯૬ રનથી જીતી લીધી હતી.

આ જીત સાથે ભારત T-20 વિશ્વ કપના ઈતિહાસમાં સતત બે વાર (૨૦૨૪ અને ૨૦૨૬) ચેમ્પિયન બનનારી પ્રથમ ટીમ બની છે. કેપ્ટન સૂર્યકુમાર યાદવની આગેવાનીમાં ટીમ ઈન્ડિયાએ સમગ્ર ટૂર્નામેન્ટમાં દબદબો જાળવી રાખ્યો હતો. સ્ટેડિયમમાં હાજર લાખો પ્રેક્ષકો અને કરોડો ભારતીયો આ ઐતિહાસિક વિજયના સાક્ષી બન્યા છે. ભારત હવે વિશ્વ ક્રિકેટમાં સૌથી વધુ (૩) T-20 ટાઈટલ જીતનાર દેશ બની ગયો છે.

## બિહારમાં નિશાંત કુમાર બનશે નાયબ મુખ્યમંત્રી, JDU ધારાસભ્ય હરિનારાયણ સિંહનો દાવો

બિહાર, તા.૦૮

બિહારના રાજકારણમાં છેલ્લા કેટલાક દિવસોથી ચાલી રહેલી અટકળો વચ્ચે એક ચોંકાવનારો વળાંક આવ્યો છે. જેડીયુ (JDU) ના વરિષ્ઠ ધારાસભ્ય હરિનારાયણ સિંહે દાવો કર્યો છે કે મુખ્યમંત્રી નીતિશ કુમારના પુત્ર નિશાંત કુમાર ટૂંક સમયમાં રાજ્યના નાયબ મુખ્યમંત્રી તરીકે પદભાર સંભાળશે. આ સાથે જ તેઓ આગામી એપ્રિલ મહિનામાં વિધાન પરિષદના સભ્ય તરીકે પણ ચૂંટાશે તેવી શક્યતા વ્યક્ત કરવામાં આવી છે.



નાલંદા જિલ્લાના હરનૌતના ધારાસભ્ય હરિનારાયણ સિંહે જણાવ્યું હતું કે, મુખ્યમંત્રીના નિવાસસ્થાને મળેલી વિધાનસભા પક્ષની બેઠકમાં નિશાંત કુમારને નવી સરકારમાં નાયબ મુખ્યમંત્રી બનાવવાનો સર્વાનુમતે નિર્ણય લેવાયો છે. ઉલ્લેખનીય છે કે, નીતિશ કુમાર પોતે મુખ્યમંત્રી પદ છોડીને રાજ્યસભામાં જવાની ઈચ્છા ધરાવતા હોવાના અહેવાલો વચ્ચે આ નિર્ણય લેવામાં આવ્યો છે. વ્યવસાયે એન્જિનિયર અને અત્યાર સુધી લાઈમલાઈટથી દૂર રહેલા નિશાંત કુમાર હવે સક્રિય રાજકારણમાં પ્રવેશ કરશે. નીતિશ કુમારના રાજીનામા બાદ રચાનારી નવી સરકારમાં તેઓ મહત્વની ભૂમિકા ભજવશે. જોકે, અત્યાર સુધી વંશવાદના રાજકારણના વિરોધી ગણાતા નીતિશ કુમારના આ પગલાથી અનેક રાજકીય તર્ક-વિતર્ક સર્જાયા છે. બદલાતા સમીકરણોમાં હવે બિહારમાં ભાજપનો મુખ્યમંત્રી અને જેડીયુના બે નાયબ મુખ્યમંત્રી હોઈ શકે તેવી નવી વ્યવસ્થા ઉભી થવાની સંભાવના છે.

## રાષ્ટ્રપતિ મુર્મુ અપમાન કેસ : કેન્દ્રીય ગૃહ સચિવે બંગાળના મુખ્ય સચિવ પાસે ખુલાસો માંગ્યો

નવી દિલ્હી, તા.૦૮

પશ્ચિમ બંગાળમાં રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુના 'અપમાન'નો મુદ્દો હવે ગંભીર બન્યો છે. કેન્દ્રીય ગૃહ સચિવે આ મામલે પશ્ચિમ બંગાળના મુખ્ય સચિવ પાસે આજે સાંજ સુધીમાં લેખિત જવાબ માંગ્યો છે. ખાસ કરીને રાષ્ટ્રપતિની સુરક્ષા અને પ્રોટોકોલ માટેની ''બ્લુ બુક''ના નિયમોનું ઉલ્લંઘન કેમ કરવામાં આવ્યું, તે અંગે કડક પૂછપરછ કરવામાં આવી છે.



શનિવારે બાગડોગરા એરપોર્ટ નજીક આદિવાસી સમુદાયના કાર્યક્રમમાં મુખ્યમંત્રી મમતા બેનર્જી કે તેમના મંત્રીઓની ગેરહાજરી અંગે રાષ્ટ્રપતિએ પોતે અસંતોષ વ્યક્ત કર્યો હતો. ગૃહ સચિવે પ્રશ્ન ઉઠાવ્યો છે કે રાષ્ટ્રપતિના સ્વાગત અને વિદાય સમયે મુખ્યમંત્રી, મુખ્ય સચિવ કે નાયબ મુખ્યમંત્રી કેમ હાજર ન હતા? માત્ર સિલિગુડીના મેયર જ ઉપસ્થિત રહ્યા હતા. વધુમાં, રાષ્ટ્રપતિના કાફલાના રૂટ પર કચરાના ઢગલા અને રાષ્ટ્રપતિ માટેના શૌચાલયમાં પાણીની ગેરહાજરી જેવી ગંભીર ક્ષતિઓ પણ સામે આવી છે. રાષ્ટ્રપતિએ સભાને સંબોધતા ભાવુક સ્વરે જણાવ્યું કે, 'મમતા બેનર્જી મારી નાની બહેન સમાન છે, છતાં મને ખબર નથી કે કાર્યક્રમનું સ્થળ કેમ બદલાયું અને મને ત્યાં કેમ જવા ન દીધી.' કેન્દ્ર સરકારે આ ઘટનાને પ્રોટોકોલનો ભંગ ગણીને જવાબદાર અધિકારીઓ સામે શું કાર્યવાહી કરવામાં આવી છે તેનો અહેવાલ માંગ્યો છે.

### વડાપ્રધાને મહિલા શ્રમિકો સાથે સીધો સંવાદ કરી તેમના શ્રમ તથા દેશના નિર્માણમાં આપેલા યોગદાનની પ્રશંસા કરી

## પીએમ મોદીએ દિલ્હીમાં રૂ. ૩૩,૫૦૦ કરોડના વિકાસ પ્રોજેક્ટ્સનું ઉદઘાટન કર્યું

નવી દિલ્હી,તા.૦૮

વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ રવિવારે રાષ્ટ્રીય રાજધાની નવી દિલ્હીમાં આશરે રૂ.૩૩,૫૦૦ કરોડના ખર્ચે તૈયાર થયેલા વિવિધ મોટા વિકાસ પ્રોજેક્ટ્સનું ઉદ્ઘાટન અને શિલાન્યાસ કરીને દેશના ઈન્ફ્રાસ્ટ્રક્ચર વિકાસમાં એક મહત્વપૂર્ણ સીમાચિહ્ન પ્રસ્થાપિત કર્યું છે. આ કાર્યક્રમ દરમિયાન વડાપ્રધાને 'જનરલ પૂલ રેસિડેન્શિયલ એકોમોડેશન રીડેવલપમેન્ટ' યોજના



હેઠળ બનેલા ૨,૭૨૨ નવા આધુનિક ફ્લેટ્સનું ઉદઘાટન કર્યું હતું. આ પ્રસંગે તેમણે કેટલીક મહિલા લાભાર્થીઓને પ્રતિકાત્મક રીતે નવા ઘરની ચાવીઓ સોંપી હતી. સરોજિની નગર વિસ્તારમાં યોજાયેલા આ કાર્યક્રમમાં વડાપ્રધાને મહિલા શ્રમિકો સાથે સીધો સંવાદ કર્યો અને તેમના શ્રમ તથા દેશના નિર્માણમાં આપેલા યોગદાનની પ્રશંસા કરી હતી. તેમણે જણાવ્યું હતું કે, દેશના વિકાસમાં મહિલાઓની ભૂમિકા સતત વધી રહી છે અને સરકાર તેમને દરેક ક્ષેત્રમાં આગળ વધારવા માટે મક્કમ છે. આ ઉપરાંત, PM મોદીએ વધુ ૬,૬૩૨ નવા ફ્લેટ્સ તેમજ આશરે રૂ.૧૫,૨૦૦ કરોડના અન્ય પ્રોજેક્ટ્સનો શિલાન્યાસ પણ કર્યો હતો. સરોજિની નગર, નેતાજી નગર, નવરોજી નગર, કસ્તુરબા નગર, ત્યાગરાજ નગર, શ્રીનિવાસપુરી અને મોહમ્મદપુર જેવા વિસ્તારોમાં ફેલાયેલો આ રીડેવલપમેન્ટ પ્રોજેક્ટ કુલ ૫૩૭ એકર વિસ્તારમાં અમલમાં મુકાઈ રહ્યો છે. આ યોજના હેઠળ કેન્દ્ર સરકારના કર્મચારીઓ માટે કુલ ૯,૩૫૦થી વધુ આધુનિક ફ્લેટ્સ, હરિયાળા બગીચા, પાર્કિંગ, સામાજિક સુવિધાઓ અને આશરે ૪૮ લાખ સ્ક્વેર ફૂટ જેટલી ઓફિસ સ્પેસ તૈયાર કરવામાં આવશે.

## મમતા બેનર્જીના ધરણા ત્રીજા દિવસે પણ યથાવત: ચૂંટણી પંચ અને ભાજપ પર કર્યા આકરા પ્રહારો

પશ્ચિમ બંગાળ, તા.૮

પશ્ચિમ બંગાળના મુખ્યમંત્રી મમતા બેનર્જીના ધરણા રવિવારે ત્રીજા દિવસે પણ ચાલુ રહ્યા હતા. મતદાર યાદીમાંથી કથિત રીતે નામ કાઢી નાખવાના મુદ્દે તેમણે ભાજપ પર ચૂંટણી પંચનો દુરુપયોગ કરવાનો ગંભીર આરોપ લગાવ્યો છે. ટીએમસી સુપ્રીમોએ જણાવ્યું કે, ભાજપ 'એક રાષ્ટ્ર, એક નેતા'ના ઉન્માદમાં લોકશાહી સંસ્થાઓને



હથિયાર બનાવી રહી છે. તેમણે વધુમાં દાવો કર્યો કે ભાજપનું અંતિમ લક્ષ્ય બાબાસાહેબ આંબેડકર દ્વારા ઘડવામાં આવેલા બંધારણને બદલવાનું છે. કેન્દ્રીય એજન્સીઓ અને મીડિયાનો ઉપયોગ બંગાળ વિરુદ્ધ થઈ રહ્યો હોવાનું કહી તેમણે લોકશાહી બચાવવા આહવાન કર્યું હતું.





## પંજાબ વિધાનસભાની ચૂંટણી પૂર્વે માન સરકારની જાહેરાત : મહિલાઓને દર મહિને રૂા. ૧૦૦૦ આપશે

ચંદીગઢ, તા.૦૮

આગામી વિધાનસભા ચૂંટણી પૂર્વે પંજાબની માન સરકારે મહિલા મતદારોને આકર્ષવા મોટો નિર્ણય લીધો છે. બજેટમાં 'મુખ્યમંત્રી માતાઓ અને પુત્રીઓ સ્વાગત યોજના'ની જાહેરાત કરાઈ છે, જે હેઠળ સામાન્ય મહિલાઓને દર મહિને રૂ.૧,૦૦૦ અને SC શ્રેણીની મહિલાઓને રૂ.૧,૫૦૦ સીધા બેંક ખાતામાં અપાશે. નાણામંત્રી હરપાલ ચીમાએ ૯% આર્થિક વિકાસ દર સાથેનું બજેટ રજૂ કરતા શિક્ષણ, સ્વાસ્થ્ય અને



ડ્રગ્સ વિરોધી અભિયાન પર ભાર મૂક્યો છે. સરહદી સુરક્ષા માટે ૫,૦૦૦ હોમગાર્ડ અને એન્ટી-ડ્રોન સિસ્ટમ માટે રૂ.૧૧૦ કરોડની ફાળવણી કરવામાં આવી છે.



સંજોગ ન્યૂઝ
આપણું અમરેલી
સોમવાર, તા.૦૯-૦૩-૨૦૨૬

**અમરેલીમાં ઉર્જામંત્રી કૌશિક વેકરીયાની હાજરીમાં**

# વીજ કચેરી ખાતે વિશ્વ મહિલા દિનની ઉજવણી, સંવાદ કાર્યક્રમ યોજાયો

**ઉર્જામંત્રીએ મહિલાઓ માટેના વિશેષ રેસ્ટ રૂમ અને બાળકોની સંભાળ માટેના 'ઊર્જાકક્ષ'ની મુલાકાત લીધી**



અમરેલી,તા.૦૮

આંતરરાષ્ટ્રીય મહિલા દિવસ ૨૦૨૬ની ઉજવણીના ભાગરૂપે પી.જી.વી.સી.એલ. વર્તુળ કચેરી ખાતે 'સંવાદ સેતુ' કાર્યક્રમનું ગરિમાપૂર્ણ આયોજન કરવામાં આવ્યું હતું. આ વર્ષની થીમ "Give To Gain" હેઠળ મહિલાઓના અધિકારો અને ન્યાયના વિચારને પ્રાધાન્ય આપવામાં આવ્યું છે. રાજ્યમંત્રી કૌશિકભાઈ વેકરીયાએ આ પ્રસંગે દીકરીઓને બે કુળની તારણહાર ગણાવી રક્ષણ અને વિકાસના ક્ષેત્રે તેમની અગ્રીમ ભૂમિકાને બિરદાવી હતી. તેમણે મહિલા કર્મચારીઓ સાથે સીધો સંવાદ કરી તેમના સંઘર્ષ અને સફળતાની પ્રશંસા કરી હતી. રાજયમંત્રી કૌશિક વેકરીયાએ કચેરી ખાતે મહિલાઓ માટેના વિશેષ રેસ્ટ રૂમ અને બાળકોની સંભાળ માટેના 'ઊર્જાકક્ષ'ની મુલાકાત લઈ સુવિધાઓનું નિરીક્ષણ કર્યું હતું. આ અવસરે વર્ષ ૨૦૨૪-૨૫માં ક્રિકેટ ટુર્નામેન્ટમાં વિજેતા બનેલી મહિલા ટીમનું ટ્રોફી આપી વિશેષ સન્માન કરવામાં આવ્યું હતું. કાર્યક્રમનું સફળ સંચાલન મોટીવેશનલ સ્પીકર કેવલ મહેતા દ્વારા કરવામાં આવ્યું હતું, જેમાં અધિક્ષક ઈજનેર જે.એસ. દહિયા સહિત અનેક અધિકારીઓ અને બહોળી સંખ્યામાં મહિલા કર્મચારીઓએ ઉત્સાહભેર ભાગ લઈ કાર્યક્રમને સફળ બનાવ્યો હતો.

# બાબરાના ચરખા ગામે તળાવ ઉંડુ ઉતારવાના કામનું ખાતમુહૂર્ત



તસવીર : દિપક કનૈયા

બાબરા,તા.૦૮

બાબરા તાલુકાના ચરખા ગામ ખાતે ગીર ગંગા જળ પરિવાર ટ્રસ્ટ અને ગ્રામજનોના અતૂટ જનભાગીદારી સહયોગથી તળાવ ઊંડું કરવાની એક અત્યંત મહત્વપૂર્ણ કામગીરીનું વિધિવત ખાતમુહૂર્ત કરવામાં આવ્યું હતું. આ ગરિમામય કાર્યક્રમમાં સાંસદ ભરતભાઈ સુતરીયા અને ધારાસભ્ય જનકભાઈ તળાવીયાએ વિશેષ ઉપસ્થિતિ પ્રોત્સાહન પૂરું પાડ્યું હતું. આ પ્રોજેક્ટ પૂર્ણ થવાથી આગામી ચોમાસામાં વરસાદી પાણીનો સંગ્રહ કરવાની ક્ષમતામાં ધરખમ વધારો થશે, જે સીધી રીતે વિસ્તારના ભૂગર્ભ જળસ્તરને ઊંચું લાવવામાં મદદરૂપ બનશે. આ જળ સંચય અભિયાનથી સ્થાનિક ખેડૂતો અને પશુપાલકોને સિંચાઈ તેમજ પીવાના પાણીની સમસ્યામાં મોટી રાહત મળશે.

# સાવરકુંડલામાં 'વોક ફોર હર' અભિયાનનો પ્રારંભ: ૫૦૦૦ કદમ ચાલવા બદલ એક મહિલાનું થશે નિ:શુલ્ક બ્રેસ્ટ કેન્સર સ્ક્રિનિંગ



તસવીર : સૌરભ દોશી

સાવરકુંડલા,તા.૦૮

વિદ્યાગુરુ ફાઉન્ડેશન સંચાલિત લલ્લુભાઈ શેઠ આરોગ્ય મંદિર તથા આશીર્વાદ ફાઉન્ડેશન અમદાવાદના સંયુક્ત ઉપક્રમે સાવરકુંડલામાં "વોક ફોર હર" નામનું અનોખું આરોગ્ય જાગૃતિ અભિયાન યોજાયું હતું. વર્તમાન સમયમાં મહિલાઓમાં વધતા જતા બ્રેસ્ટ કેન્સરના જોખમને ઘટાડવા અને વહેલા નિદાન અંગે જાગૃતિ લાવવાના મુખ્ય ઉદ્દેશ્ય સાથે આ કાર્યક્રમ હાથ ધરવામાં આવ્યો છે. આ ઝૂંબેશની વિશેષતા એ છે કે કોઈપણ વ્યક્તિ દ્વારા ચાલેલા દરેક ૫૦૦૦ કદમ બદલ એક જરૂરિયાતમંદ મહિલાનું મેમોગ્રાફી, સોનોગ્રાફી તથા જરૂરી તબીબી તપાસ સાથે નિ:શુલ્ક બ્રેસ્ટ કેન્સર સ્ક્રિનિંગ કરવામાં આવશે.

આ સમગ્ર આયોજન લલ્લુભાઈ શેઠ આરોગ્ય મંદિરના મેડિકલ સુપરિટેન્ડન્ટ ડો. પ્રકાશ કટારિયાના માર્ગદર્શન હેઠળ કરવામાં આવ્યું હતું. સંદેશ આપવામાં આવ્યો હતો.

# લાઠી ખાતે જનક તળાવીયા અને સંતોની હાજરીમાં વિરાટ હિન્દુ સંમેલન યોજાયુ



લાઠી,તા.૦૮

લાઠીના ચાવંડ દરવાજા પાસે વિરાટ હિન્દુ સંમેલન સમિતિ દ્વારા એક પ્રેરણાદાયી હિન્દુ સંમેલનનું આયોજન કરવામાં આવ્યું હતું. કાર્યક્રમનો પ્રારંભ ભારતમાતાના પૂજન અને દીપ પ્રાગટ્ય દ્વારા થયો હતો, જેમાં ગઢડા BAPS સ્વામિનારાયણ મંદિરના કોઠારી સ્વરૂપ સ્વામી તથા મહંત શ્રી રઘુનાથદાસ બાપુ સહિતના સંતોએ આશીર્વચન પાઠવ્યા હતા. આ પ્રસંગે આજુબાજુના ગ્રામ્ય વિસ્તારોમાંથી પધારેલા સંતોનું ભાવભીનું સન્માન કરવામાં આવ્યું હતું. સંમેલનના મુખ્ય વક્તા મહેશભાઈ વ્યાસે ઉપસ્થિત જનમેદનીને સંબોધતા હિન્દુ ધર્મ અને સંસ્કૃતિના જતન પર ભાર મૂક્યો હતો. તેમણે ખાસ કરીને 'પંચ પરિવર્તન'ના પાંચ પાયા જેવા કે કુટુંબ પ્રબોધન, પર્યાવરણ સુરક્ષા, સ્વદેશી અપનાવવું, સામાજિક સમરસતા અને નાગરિક કર્તવ્ય વિશે ઊંડાણપૂર્વક સમજણ આપી હતી.

**ધારાસભ્ય મહેશ કસવાળા સહિત પદાધિકારીઓની હાજરીમાં**

# સાવરકુંડલામાં શુધ્ધ પાણી માટે ઓપનવેલનું ખાતમુહૂર્ત કરાયુ

**અમૃત-૨.૦ યોજના હેઠળ રૂ. ૫૫ લાખના ખર્ચે જળ સુવિધા સુદ્રઢ બનશે**



સાવરકુંડલા,તા.૦૮

સાવરકુંડલા શહેરના નાગરિકોને શુદ્ધ અને પર્યાપ્ત પીવાનું પાણી પૂરું પાડવાના ઉમદા હેતુથી એક મહત્વપૂર્ણ પ્રોજેક્ટનું ખાતમુહૂર્ત કરવામાં આવ્યું છે. ધારાસભ્ય મહેશ કસવાલાના વરદ હસ્તે અમૃત-૨.૦ યોજના અંતર્ગત રૂ. ૫૫ લાખના ખર્ચાયેલ અંદાજિત ખર્ચે ઓપનવેલ બનાવવાના કાર્યનો વિધિવત પ્રારંભ થયો છે. આ ઓપનવેલનું નિર્માણ શેલ દેદુમલ ડેમ પાસે કરવામાં આવશે. ગુજરાત સરકારના વિશેષ સહયોગ અને માર્ગદર્શન હેઠળ હાથ ધરાયેલો આ પ્રોજેક્ટ શહેરની પાણી પુરવઠા વ્યવસ્થાને વધુ મજબૂત બનાવશે. આ પ્રસંગે ધારાસભ્ય મહેશ કસવાલાએ જણાવ્યું હતું કે રાજ્ય સરકાર નાગરિકોને વર્ષભર શુધ્ધ પાણી મળે તે માટે કટિબદ્ધ છે. આ ઓપનવેલના નિર્માણથી આવનારા સમયમાં પાણીની સમસ્યામાં મોટી રાહત મળશે અને કાયમી સુવિધા સુનિશ્ચિત થશે. આ કાર્યક્રમમાં નગરપાલિકાના હોદ્દેદારો, અધિકારીઓ, સદસ્યો, શહેર ભાજપના અગ્રણીઓ તેમજ સ્થાનિક નાગરિકો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા. આ પ્રોજેક્ટ સાવરકુંડલાના જળ વ્યવસ્થાપન માટે એક મહત્વની કડી સાબિત થશે.

**ધારાસભ્ય જે.વી.કાકડીયા અને તાલુકા પંચાયતના પ્રમુખ ઘનશ્યામ હિરપરા દ્વારા**

# ધારી તાલુકાના ગામડાઓમાં કરોડોની ગ્રાન્ટ ફાળવી વિકાસના કામો કરાશે



ધારી,તા.૦૮

ધારી તાલુકાના સર્વાંગી વિકાસને નવી ઊંચાઈએ લઈ જવા માટે ધારાસભ્ય જે.વી. કાકડીયા અને તાલુકા પંચાયત પ્રમુખ ઘનશ્યામભાઈ હિરપરા દ્વારા સંયુક્ત રીતે રૂ. ૪ કરોડની માતબર ગ્રાન્ટ ફાળવવામાં આવી છે. આ વિકાસલક્ષી આયોજન અંતર્ગત તાલુકા એ.ટી. વી.ટી. યોજના હેઠળ રૂ. ૨ કરોડ અને ૧૫% વિવેકાધીન તાલુકા કક્ષાની ગ્રાન્ટમાંથી બીજા રૂ. ૨ કરોડની ફાળવણી કરવામાં આવી છે. આ માતબર રકમનો ઉપયોગ ગામડાઓના આંતરમાળખાકીય સુવિધાઓ જેવી કે સીસી રોડ, પેવર બ્લોક અને પીવાના પાણીની વ્યવસ્થા સુધારવા માટે કરવામાં આવશે.

# અમરેલીમાં રેશનિંગના અનાજની કાળાબજારીનો પર્દાફાશ

અમરેલી, તા.૦૮

અમરેલી શહેરના સાવરકુંડલા બાયપાસ રોડ પાસે પોલીસે દરોડો પાડી ગરીબોના હકનું રેશનિંગનું અનાજ સસ્તા ભાવે ખરીદી ઊંચા ભાવે વેચવાના મોટા કૌભાંડને ઝડપી પાડ્યું હતું. પોલીસે આ કાર્યવાહીમાં ઘઉં અને ચોખાના મોટા જથ્થા સહિત લાખો રૂપિયાનો મુદ્દામાલ કબજે કર્યો હતો. આ અંગે અમરેલી શહેરના મામલતદાર અને તાલુકા એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ કલ્પેશકુમાર કુબેરભાઈ દવેએ અફજલ ઈકબાલભાઈ મહીડા, અકીલભાઈ ઓસમાણભાઈ મહીડા,આદીલભાઈ નાનુભાઈ સેલોત, ઈકબાલભાઈ રહીમભાઈ સોલંકી તથા હનીફભાઈ દાઉદભાઈ બીલખીયા સામે ફરિયાદ નોંધાવી હતી. મળતી વિગત મુજબ, અમરેલી શહેરના સાવરકુંડલા બાયપાસ ચોકડી પાસે હસુભાઈ સેદાણીના ભઠિયાની પાછળ રેશનિંગના અનાજનો ગેરકાયદે સંગ્રહ થતો હોવાની બાતમી મળી હતી. મુખ્ય આરોપી અફજલ અને તેના સાગરીતો ગામડાઓમાં ફેરી કરી રેશનકાર્ડ ધારકો પાસેથી સરકાર દ્વારા અપાતા સસ્તા અનાજ (ઘઉં અને ચોખા)ની ઓછી કિંમતે ખરીદી કરતા હતા. ત્યારબાદ આ જથ્થો અન્ય વેપારીઓને ઊંચા ભાવે વેચી આર્થિક ફાયદો મેળવી સરકારની સબસિડીને નુકસાન પહોંચાડતા હતા. પોલીસે સ્થળ પર દરોડો પાડી ઘઉં: ૧૭૩૦ કિલોગ્રામ, ચોખા: ૪૩૩૫ કિલોગ્રામ તથા જથ્થાની હેરફેર માટે વપરાતા જુદા-જુદા વાહનો અને વજન કાંટા મળી અંદાજે રૂ.૮,૬૩,૪૮૫ની કિંમતનો મુદ્દામાલ કબજે કર્યો હતો. સરકારી અનાજનો બિનકાયદેસર સંગ્રહ કરી કાળાબજારી કરવા બદલ મુખ્ય આરોપી અફજલ સહિત તેના અન્ય સહ-આરોપીઓ વિરુદ્ધ ગુનો દાખલ કરવામાં આવ્યો હતો. આ કૌભાંડમાં અન્ય કયા વેપારીઓ સામેલ છે અને આ જથ્થો ક્યાં સપ્લાય થવાનો હતો તે દિશામાં પોલીસે તપાસ તેજ કરી હતી.

# લાઠીના રામપર ગામે GRD સભ્યએ મારી નોકરી કૂતરા ભગાડવાની નથી કહેતા માથામાં લાકડી મારી

લાઠી,તા.૦૮


લાઠી તાલુકાના રામપર ગામે ફરજ બજાવી રહેલા એક GRDના સભ્ય પર ત્રણ શખ્સોએ લાકડીઓ વડે હિંસક હુમલો કરી ગંભીર ઈજાઓ પહોંચાડી હોવાની ઘટના સામે આવી છે. મારી નોકરી કૂતરા ભગાડવાની નથી તેમ કહેતા ઉશ્કેરાયેલા શખ્સોએ માથામાં લાકડીનો ઘા ઝીંકી ફરજમાં રૂકાવટ કરી જાનથી મારી નાખવાની ધમકી આપી હતી. આ અંગે

ભરતભાઈ મધુભાઈ મકવાણા (ઉ.વ.૪૦) એ ભાસ્કરભાઈ વિજયભાઈ મેર, જયદીપભાઈ વિજયભાઈ મેર તથા વેલજીભાઈ ઉર્ફે વિજયભાઈ મેપાભાઈ મેર સામે ફરિયાદ નોંધાવી હતી. પોલીસમાં જાહેર થયેલી વિગત પ્રમાણે તા. ૦૬/૦૩/૨૦૨૬ની રાત્રે રામપર ગામે બાપા સીતારામની મઢી પાસે તેઓ GRD સભ્ય પોતાની ફરજ પર હતા. રાત્રિના આશરે બે વાગ્યાના સુમારે શેરીમાં કૂતરાઓ ભસતા હોવાથી ભાસ્કરભાઈ મેર લાકડી લઈને ઘરેથી બહાર આવ્યા હતા અને તેમને કૂતરા ભગાડવા માટે દબાણ કર્યું હતું. જ્યારે તેમણે કહ્યું કે, મારી નોકરી કૂતરા ભગાડવાની નથી ત્યારે મામલો બિચક્યો હતો.

આરોપીઓએ તેમને ગાળો આપી, ખભા પર લાકડીનો ઘા ઝીંક્યો હતો. ત્યારબાદ, તને પતાવી દેવો છે તેમ કહી માથામાં લાકડીનો જોરદાર ફટકો મારતા ફરિયાદીને ૪ ટાંકા આવ્યા હતા.

Jitendra Sanghani
Cell : 98254 22922
MARUTI SUZUKI
મારૂતિ સુઝુકી સર્વિસ સ્ટેશનનું એકમાત્ર સ્થળ તથા
સંપૂર્ણ આધુનિક સુવિધા સાથેનો વિશ્વાસપાત્ર અને અનુભવી સ્ટાફ
કારકેર સેન્ટર
(Maruti Authorised Workshop)





વ્હીલ એલાઈમેન્ટ,વ્હીલ બેલેન્સીંગ, મીકેનીક કામ,
રીપેરીગ, વોશિગ તેમજ સર્વિસ કરી આપનાર
ચકકરગઢ રોડ, અમરેલી-૩૬૫ ૬૦૧
ફોનઃ ૦૨૭૯૨ ૨૨૦૦૯૯, E-mail: carcarerushi@rediffmail.com




|| શ્રી ગણેશાય નમઃ || || શ્રી ૧ા || || શ્રી બાલમુકુંદજી પ્રભુ વિજયતે ||
અમરેલીના આંગણે વિશ્વાસ અને સુંદરતાનું નવું સરનામું...



યમુના જવેલર્સ
(અમરાપુર વાળા)
અમે અત્યંત આનંદ સાથે જણાવીએ છીએ કે,
આપના અતૂટ વિશ્વાસ અને સાથ-સહકારને કારણે
યમુના જવેલર્સ હવે એક ભવ્ય અને
નવા સોપાન સાથે આપની સેવામાં સજ્જ છે.
- શુદ્ધતાની ખાતરી : 100% હોલમાર્કવાળા દાગીના
- નવીનતમ ડિઝાઈન : એન્ટિક, રાજવાડી અને મોર્ડન જવેલરીનો વિશાળ ખજાનો
- પારદર્શક વ્યવહાર : વ્યાજબી મજૂરી અને વિશ્વાસપાત્ર સર્વિસ

અમારા નવા આધુનિક શો-રૂમની મુલાકાત લો અને આપની સુંદરતામાં ચાર ચાંદ લગાવો.
સ્થળ : દુ.નં. - ૩, પટેલ વાડી શોપિંગ સેન્ટર, હીરામોતી ચોક, લીલીયા રોડ, અમરેલી.
શ્રી હીરેનભાઈ ચંદુભાઈ સોની
મો. ૯૪૨૯૨ ૨૦૮૪૭/૮૧૪૧૨ ૦૭૭૩૬

રાજ્યમંત્રી કૌશિકભાઈ વેકરિયા અને મહંત વિજયબાપુના હસ્તે

# અમરેલીના સરંભડા ખાતે રૂ. ૭ કરોડના વિકાસકાર્યોનું લોકાર્પણ

અમરેલી,તા.૦૮

અમરેલી જિલ્લાના સરંભડા ગામે ઊર્જા અને કાયદા રાજ્યમંત્રી કૌશિકભાઈ વેકરિયાના વરદ હસ્તે અંદાજે રૂ. ૭ કરોડના વિવિધ વિકાસલક્ષી કાર્યોનું લોકાર્પણ અને ખાતમુહૂર્ત કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે સતાધાર જગ્યાના મહંત વિજયબાપુ વિશેષ ઉપસ્થિત રહ્યા હતા. ગ્રામજનો માટે વર્ષોથી માથાના દુખાવા સમાન બનેલી યાતાયાતની સમસ્યાના ઉકેલ માટે રૂ. ૬ કરોડના ખર્ચે નવનિર્મિત મેજર બ્રિજનું મંત્રી દ્વારા લોકાર્પણ કરવામાં આવ્યું હતું. આ બ્રિજના નિર્માણથી સરંભડા સહિત આસપાસના વિસ્તારોમાં પરિવહન અત્યંત સરળ અને સુરક્ષિત બનશે.આ સાથે જ ગામમાં સ્થાનિક વહીવટી માળખાને સુદ્રઢ બનાવવા રૂ.



૨૫ લાખના ખર્ચે તૈયાર થનારા નવા ગ્રામ પંચાયત ભવન અને રૂ. ૬૦ લાખના ખર્ચે આકાર પામનાર સુવિધા પથનું પણ ખાતમુહૂર્ત કરાયું હતું. મંત્રીએ પોતાના સંબોધનમાં જણાવ્યું હતું કે મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલના નેતૃત્વમાં રાજ્ય



સરકાર છેવાડાના ગામડાઓ સુધી સુવિધાઓ પહોંચાડવા કટિબદ્ધ છે. તેમણે વધુમાં ઉમેર્યું કે અમરેલી જિલ્લામાં કૃષિ કલ્યાણ અને જળ વ્યવસ્થાપન માટે ખાસ આયોજનો હાથ ધરાયા છે. આગામી બે વર્ષમાં વડીયા-કુકાવાવ અને અમરેલી વિધાનસભાના તમામ ૧૧૫ ગામોમાં તળાવો ઊંડા કરી જળસંચયનું ભગીરથ કાર્ય કરવામાં આવશે. સરંભડામાં પણ જળ અભિયાન અંતર્ગત ૬૦૦ કલાક સુધી તળાવ ઊંડું કરવાની કામગીરી હાથ ધરાશે. મંત્રીએ ભવિષ્યમાં નવી પ્રાથમિક શાળાના નિર્માણની પણ ખાતરી આપી હતી. કાર્યક્રમની શરૂઆતમાં પૂર્વ જિલ્લા પંચાયત પ્રમુખ શરદભાઈ લાખાણી અને અગ્રણી મોટાભાઈ સવંતે પ્રાસંગિક ઉદબોધન કર્યું હતું. આ અવસરે તાલુકા પંચાયત પ્રમુખ કિશોરભાઈ કાનપરિયા સહિતના પદાધિકારીઓ, અધિકારીઓ અને મોટી સંખ્યામાં ઉત્સાહી ગ્રામજનો હાજર રહ્યા હતા. સમગ્ર કાર્યક્રમ ગ્રામીણ એકતા અને સામાજિક સમરસતાના પ્રતીક સમાન બની રહ્યો હતો.

## સા.કુંડલાના ધજડી પ્રા.શાળાની મુલાકાત લેતા 'ખજૂર'ભાઈ

સા.કુંડલા,તા.૦૮



સમાજસેવક નીતિનભાઈ જાની ઉર્ફે ખજૂરભાઈએ તાજેતરમાં ધજડી ગામની પ્રાથમિક શાળાની ભાવસભર મુલાકાત લીધી હતી. આ પ્રસંગે તેમની સાથે તેમની પૂરી ટીમ પણ જોડાઈ હતી. આ ગરિમાપૂર્ણ કાર્યક્રમમાં ગામના સરપંચ ભરતભાઈ ધડુક તથા યુવરાજભાઈ ખુમાણ વિશેષ રૂપે ઉપસ્થિત રહ્યા હતા. શાળાના આચાર્ય અને શિક્ષકગણે મહેમાનોનું ઉષ્માભર્યું સ્વાગત કર્યું હતું. ખજૂરભાઈએ બાળકો સાથે સમય વિતાવીને શિક્ષણનું મહત્વ સમજાવ્યું હતું

## મહિલા દિવસે ગજેરા કેમ્પસની અનોખી પહેલ : દિકરીઓના શિક્ષણ અને સર્વાંગી વિકાસ માટે મોટી સહાયની જાહેરાત

અમરેલી,તા.૦૮

શાંતાબેન હરિભાઈ ગજેરા કેમ્પસ–વિદ્યાસભા ખાતે વિશ્વ મહિલા દિવસ નિમિત્તે દીકરીઓના સર્વાંગી વિકાસ માટે શૈક્ષણિક સહાયની વિશેષ જાહેરાત કરવામાં આવી છે. ગજેરા કેમ્પસના પ્રમુખ વસંતભાઈ ગજેરા દ્વારા દિકરીઓની શૈક્ષણિક, શારીરિક અને સામાજિક પ્રગતિને પ્રોત્સાહન આપવા માટે આ



મહત્વપૂર્ણ નિર્ણય લેવામાં આવ્યો છે. આ યોજના હેઠળ હોસ્ટેલ ફીમાં રૂ.૧૫,૬૦૦ સુધીની સહાય આપવામાં આવશે, જેનાથી વાલીઓનો આર્થિક ભાર હળવો થશે. આ ઉપરાંત, દીકરીઓની આર્થિક પરિસ્થિતિને ધ્યાનમાં રાખીને સ્કૂલ ફીમાં પણ જરૂરી છૂટછાટ આપવામાં આવશે.

કેમ્પસ ડાયરેક્ટર વસંતભાઈ પેથાણીએ આ અંગે જણાવ્યું હતું કે, ગજેરા કેમ્પસ દિકરીઓના સર્વાંગી વિકાસ માટે સતત પ્રયત્નશીલ છે. આ યોજના વિશે વધુ માહિતી માટે સંસ્થાના મેનેજમેન્ટ વિભાગનો સંપર્ક કરવા જણાવાયું છે.

## અમરેલી શહેરમાં દિવાલ પર બેઠેલા શ્રમિકને ચક્કર આવતા કરૂણ મોત

અમરેલી, તા.૦૮

અમરેલી શહેરના એક વિસ્તારમાં મજૂરી કામ કરી રહેલા એક શ્રમિકનું ઊંચાઈ પરથી નીચે પડી જવાથી કરુણ મોત નીપજ્યું હતું. કામના વિરામ સમયે દિવાલ પર બેઠેલા શ્રમિકને અચાનક ચક્કર આવતા તેઓ સંતુલન ગુમાવી નીચે પટકાયા હતા, જે તેમના માટે જીવલેણ સાબિત થયું હતું. આ અંગે મૂળ મધ્યપ્રદેશના ધાર જિલ્લાના અને હાલ અમરેલીમાં રહેતા સાવીત્રીબેન રાજુભાઈ કટારે (ઉ.વ.૪૦)એ જાહેર કર્યા મુજબ, તેમના પતિ રાજુભાઈ ભુરસિંહ કટારે પાંચ દિવસ પહેલા જ્યારે કામના સ્થળે દિવાલ પર બેઠા હતા, ત્યારે તેમને અચાનક ચક્કર આવ્યા હતા. ચક્કર આવવાને કારણે તેઓ પોતાનું સંતુલન જાળવી શક્યા નહોતા અને સીધા દિવાલ પરથી નીચે જમીન પર પટકાયા હતા. દિવાલ પરથી નીચે પટકાતા શ્રમિકને માથાના ભાગે અત્યંત ગંભીર ઈજાઓ પહોંચી હતી. ઘટનાને પગલે આસપાસના લોકો દોડી આવ્યા હતા અને લોહીલુહાણ હાલતમાં તેમને તાત્કાલિક સારવાર માટે નજીકની હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા. હોસ્પિટલમાં તબીબો દ્વારા તેમને બચાવવાના પૂરતા પ્રયાસો કરવામાં આવ્યા હતા, પરંતુ ઈજા એટલી ગંભીર હતી કે સારવાર દરમિયાન જ તેમનું મોત નીપજ્યું હતું.

### અમરેલી જીલ્લા પ્રાથમિક શિક્ષકોની શરાફી સહકારી મંડળી લી. - અમરેલી, તા.જી.અમરેલી

:: જાહેર નિવિદા ::

આથી અમરેલી જીલ્લા પ્રાથમિક શિક્ષકોની શરાફી સહકારી મંડળી લી. અમરેલી તેમની નવી ઓફીસ માટે ફર્નિચરની કામગીરી કરાવવા નીચે મુજબની વિગતે ઓનલાઈન ટેન્ડર મંગાવવામાં આવે છે.

| કામનું નામ : ફર્નિચર વર્ક ઈન ન્યુ બિલ્ડીંગ ઓફ અમરેલી જીલ્લા પ્રાથમિક શિક્ષકોની શરાફી સહકારી મંડળી લી.એટ અમરેલી | |
|---|---|
| અંદાજીત રકમ: રૂા.૬૪.૩૫ લાખ<br>ઈ.એમ.ડી.:રૂ.૧,૬૦,૮૭૫-૦૦ | ટેન્ડર ફી : રૂા.૨,૪૦૦-૦૦<br>કામની સમય મર્યાદા : ૩-માસ |
| ટેન્ડર ડાઉનલોડ તથા સબમીશન કરવાની છેલ્લી તારીખ તથા સમય | તા.૧૬/૦૩/૨૦૨૬<br>સમય ૧૮:૦૦ કલાક સુધી |
| ફીઝીકલ સમબીશનની તારીખ | તા.૨૦/૦૩/૨૦૨૬, ૧૫:૦૦ કલાક સુધી |
| ટેન્ડર ખોલવાની તારીખ | તા.૨૧/૦૩/૨૦૨૬, ૧૭:૦૦ કલાકે |
| વેબસાઈટનું નામ | www.nprocure.com |

ઉપરોકત કામો અંગે વિગતવાર માહિતિને ટેન્ડરમાં આપવામાં આવેલ છે તેમજ વધારે માહિતિ માટે રજાનો દિવસો સિવાય અમરેલી જીલ્લા પ્રાથમિક શિક્ષકોની શરાફી સહકારી મંડળી લી., અમરેલી ખાતે સંપર્ક કરવો.

નોંધ:- આવેલ ટેન્ડર ભાવ મંજુર / નામંજુર કરવા, ટેન્ડર રદ કરવા વગેરે તમામ અધિકાર મંડળીને અબાધિત રહેશે.

(મહેન્દ્રભાઈ ત્રીવેદી) સેક્રેટરી | (પ્રતાપભાઈ બસીયા) ઉપાધ્યક્ષ | (ધીરૂભાઈ કોટડીયા) પ્રમુખ

અમરેલી જીલ્લા પ્રાથમિક શિક્ષકોની શરાફી સહકારી મંડળી લી., અમરેલી

TET / TAT / CCE
કોન્સ્ટેબલ / PSI
સ્પોકન ઇંગ્લિશ
નવી બેચમાં પ્રવેશ શરૂ...
માસિક ફી : Rs.1000/-
ઓજસ કલાસીસ - અમરેલી
દિપક ભટ્ટ - મો. ૯૮૭૯૭ ૬૯૪૫૧

## જાફરાબાદના નવી જીકાદ્રી ગામે ચૂંટણીના મનદુઃખમાં યુવક પર કુહાડી-ભાલાથી હુમલો

જાફરાબાદ, તા.૦૮

જાફરાબાદના નવી જીકાદ્રી ગામે ગત ગ્રામ પંચાયતની ચૂંટણીના મનદુઃખમાં યુવક પર કુહાડી-ભાલાથી હુમલો કર્યો હતો. ઉપરાંત આજે તો તને પતાવી દેવો છે કહી તેમ કહી ધમકી આપી હતી. ભાવેશભાઈ બાલાભાઈ વરૂ (ઉ.વ.૩૮)એ રામભાઈ નાગભાઈ વરૂ, આલકુભાઈ રામભાઈ વરૂ, હરદીપભાઈ આલકુભાઈ વરૂ, મહીપતભાઈ મંગળુભાઈ વરૂ,ભરતભાઈ મંગળુભાઈ વરૂ તથા મનુભાઈ અમરૂભાઈ વરૂ સામે ફરિયાદ નોંધાવી હતી.

પોલીસમાં જાહેર થયેલી વિગત પ્રમાણે, તેમના મોટા ભાઈ ભરતભાઈ વરૂ ગત ગ્રામ પંચાયતની ચુંટણીમાં સભ્ય તરીકે ચુંટાયેલા હતા. જેનુ આરોપીઓએ મનદુઃખ રાખી તેમના ભાઈ ભરતભાઈ વરૂ વાડીએથી ઘરે આવતા હતા એ વખતે ગામમાં ચોક પાસે આવતા ગાળો આપી હતી. તેથી તેઓ ઘરેથી ત્યા ગયેલ અને આરોપીઓને ગાળો બોલવાની ના પાડતા આરોપીઓએ એકસંપ કરી, મંડળી રચી ભેગા મળી આવી આલકુભાઈ વરૂએ ઉશ્કેરાઈને તેના હાથમાં રહેલ ભાલાનો ઘા તેમની ઉપર કરતા બંને હાથથી ભાલુ પકડી લીધું હતું. આ વખતે અન્ય આરોપીએ તેના હાથમાં રહેલી કુહાડીનો એક ઘા તેમને માથાના ઉપરના ભાગે મારી ટાંકાઓ લાવી ઈજા કરી હતી. રામભાઈ વરૂએ તેના હાથમાં રહેલ લોખંડની ટી નો એક ઘા તેમને માથાના જમણી બાજુના ભાગે મારી આરોપીઓ એ ફરીયાદીને જેમફાવે તેમ શરીરે આડેધડ માર મારી શરીરે મુંઢ ઈજાઓ કરી, ગાળો આપી "તને આજે તો પતાવી જ દેવો છે" તેમ કહી જાનથી મારી નાખવાની ધમકી આપી હતી. મહીપતભાઈ વરૂએ સાહેદ-લાલભાઈ બોરીચાની ફોરવ્હીલ કારના પાછળના ભાગે કુહાડીના ઘા મારી પાછળનો કાચ તોડી નાખ્યો હતો.

### અવસાન નોંધ

**સાવરકુંડલા**

ગં.સ્વ.હીરૂબેન મેપાભાઈ વાઘેલા(ઉ.વ.૯૪)નું તા.૦૫/૦૩/૨૦૨૬ને ગુરૂવારના રોજ દુઃખદ અવસાન થયેલ છે. તે કેશુભાઈ મેપાભાઈ વાઘેલા, મનુભાઈ મેપાભાઈ વાઘેલા અને કનુભાઈ મેપાભાઈ વાઘેલાના માતૃશ્રી થાય છે. તેમનું સદગત બેસણુ તા.૦૯/૦૩/૨૦૨૬ ને સોમવાર ને રોજ સાંજે ૪થી ૬ કલાકે અમારા નિવાસ સ્થાને હાથસણી રોડ, નિર્મળ નગર સોસાયટી, સાવરકુંડલા ખાતે રાખેલ છે.

GST ઘટાડા સાથે આજે જ ટાયર ખરીદો
ફોર વ્હીલ કાર - બાઈક - એક્ટીવા ટ્રક - બસ - ઈકો - બોલેરો - કેરી વગેરેના ટાયર
10% GST ઘટાડા સાથે આજે જ ખરીદો
ટ્રેક્ટર - મીની ટ્રેક્ટર - સનેડો ખેતીને લગતા ટાયર
13% GST ઘટાડા સાથે આજે જ ખરીદો
અમારે ત્યાંથી સ્ટાન્ડર્ડ કંપનીના ટાયર-ટ્યુબ - ઓઈલ-ગ્રીસ વ્હીલ - પ્લેટ - ઘરા - જેક - પાના-પકડ - વગેરે હોલસેલ - રીટેઈલ મળશે.
ફોરવ્હીલ કાર માટે 3D-એલાઈમેન્ટ - ડીઝીટલ હાઈસ્પીડ બેલેન્સીંગ, ટાયર ફીટીંગ - નાઈટ્રોજન એર - એક જ જગ્યાએ તમામ સર્વીસ ઉપલબ્ધ
સંજય ટાયર્સ
બસ સ્ટેશન રોડ, અજમેરા સ્કૂલ સામે, અમરેલી.
લાઠી બાયપાસ રોડ, સફારી પાર્ક, ટોયોટા શો-રૂમ પાસે, અમરેલી.

BLUE BUDDHA
Shopping With us can be very rewarding
END OF SEASON SALE
BUY 1 GET 1 FREE
Visit our shop today to avail Amazing Offer
SHOP NO. 30, NEW S.T. BUS STATION, AMRELI. (M) 74338 05806
મનિષ વાકોતર
વી.ડી. રાણપરીયા
www.bluebuddha.co.in
નોંધ : અમરેલીમાં અમારી બીજી કોઈ બ્રાંચ નથી.

શું તમને સાંભળવાની તકલીફ છે ?
નિષ્ણાંત ઓડીયોલોજીસ્ટ દ્વારા બહેરાશની તપાસ
બહેરાશ પ્રમાણે કાનના મશીનની સુવિધા
વડીલો માટે આધુનિક મશીનો વ્યાજબી કિંમતમાં
જર્મની, ડેન્માર્કની કંપનીના મશીન વોરંટી સાથે મળશે.
પેન્શનરો અને તેના આશ્રિતોને મશીનમાં 100% સહાય
કાનના મશીન
કાનની અંદરનું મશીન | કાનની પાછળનું મશીન
અવતાર
સ્પીચ અને હિયરીંગ ક્લિનીક
ગોલ્ડન પ્લાઝા, પૂજારા ટેલિકોમની ઉપર, અમરેલી. મો. 72650 63363

-:: જાહેર નોટીસ ::-

**-//એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટ સાહેબની કોર્ટમાં, કોડીનાર//-**

અરજી નં.80/2026
જન્મ તારીખ : 08/04/1983

શ્રી હાલાઈ યુસુફ તૈયબ,
રહે.અનુપમ સ્કુલ પાટણ વેરાવળ, ગામ-વેરાવળ, તાલુકો-વેરાવળ,
જિલ્લો-ગીર સોમનાથ ...........અરજદાર

**વિરૂધ્ધ**

રજીસ્ટારશ્રી (જન્મ-મરણ) અને ચીફ ઓફિસરશ્રી, કોડીનાર
નગરપાલીકા, કોડીનાર, તા.કોડીનાર,
જિલ્લો-ગીરસોમનાથ .........સામાવાળા

**બાબત : જન્મ-મરણ નોંધણી અન્વયે જન્મની નોંધણી કરાવવા બાબત**

આથી જાહેર જનતા જોગ આ નોટીસ દ્વારા જાણ કરવામાં આવે છે કે, આ કામના અરજદારશ્રી શ્રી હાલાઈ યુસુફ તૈયબ, રહે.અનુપમ સ્કુલ પાટણ વેરાવળ, તાલુકો-વેરાવળ, જિલ્લો-ગીર સોમનાથ વાળાએ જન્મ મરણ નોંધણી કાયદો-૧૯૬૯ની કલમ-૧૩(૩) તળેની અરજીથી યુસુફ તૈયબ હાલાઈ તથા હાજરાબેન યુસુફ હાલાઈના પુત્ર જુનેદ યુસુફ તૈયબ હાલાઈનો જન્મ તારીખ.08/04/1983ના રોજ કોડીનાર તાલુકાના કોડીનાર મુકામે થયેલ છે,જે અન્વયે આ કામના સામાવાળા આ મતલબનો દાખલો કાઢી આપે તે મુજબની અરજી અત્રે રજુ કરેલ છે.

આ અરજી મુજબ સામાવાળાને જન્મ નોંધ દફતરે ચડાવી આપવા સામે જે કોઈ ઈસમ, વ્યક્તિ, સંસ્થા, બોર્ડ કે કોઈપણને વાંધો કે તકરાર હોય તેમણે આધાર-પુરાવા સાથે, જાતે અગર તેમના વકીલશ્રી મારફતે અત્રેની કોર્ટમાં દિન-૩૦માં કચેરી સમય દરમ્યાન રજુ કરવાનું રહેશે અન્યથા અત્રેની કોર્ટ તરફથી આગળની ધારાસરની કાર્યવાહી હાથ ધરવામાં આવશે. જેની નોંધ લેશો.

આજ રોજ તા.૨૩/૦૨/૨૦૨૬નાં રોજ કોર્ટનો સહી સીક્કો કરી આપ્યો.

હુકમથી
સહી
(એચ.કે.ભાસ્કર)
એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટ
કોડીનાર

-:: જાહેર નોટીસ ::-

**-//એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટ સાહેબની કોર્ટમાં, કોડીનાર//-**

અરજી નં.95/2026
જન્મ તારીખ : 13/08/1998

શ્રી મજીદ રહેમતુલ્લા સોરઠીયા,
રહે.મેમણ કોલોની, રેલ્વે ક્રોસીંગ, કોડીનાર, ગામ-કોડીનાર, તાલુકો-કોડીનાર,
જિલ્લો-ગીર સોમનાથ ...........અરજદાર

**વિરૂધ્ધ**

રજીસ્ટારશ્રી (જન્મ-મરણ) અને ચીફ ઓફિસરશ્રી, કોડીનાર
નગરપાલીકા, કોડીનાર, તા.કોડીનાર,
જિલ્લો-ગીરસોમનાથ .........સામાવાળા

**બાબત : જન્મ-મરણ નોંધણી અન્વયે જન્મની નોંધણી કરાવવા બાબત**

આથી જાહેર જનતા જોગ આ નોટીસ દ્વારા જાણ કરવામાં આવે છે કે, આ કામના અરજદારશ્રી શ્રી મજીદ રહેમતુલ્લા સોરઠીયા, રહે.મેમણ કોલોની, રેલ્વે ક્રોસીંગ, કોડીનાર, તાલુકો-કોડીનાર, જિલ્લો-ગીર સોમનાથ વાળાએ જન્મ મરણ નોંધણી કાયદો-૧૯૬૯ની કલમ-૧૩(૩) તળેની અરજીથી મજીદ રહેમતુલ્લા સોરઠીયા તથા મેમુનાબેન મજીદ સોરઠીયા ના પુત્ર મો.મતીન મજીદ સોરઠીયાનો જન્મ તારીખ.13/08/1998ના રોજ કોડીનાર તાલુકાના કોડીનાર મુકામે થયેલ છે,જે અન્વયે આ કામના સામાવાળા આ મતલબનો દાખલો કાઢી આપે તે મુજબની અરજી અત્રે રજુ કરેલ છે.

આ અરજી મુજબ સામાવાળાને જન્મ નોંધ દફતરે ચડાવી આપવા સામે જે કોઈ ઈસમ, વ્યક્તિ, સંસ્થા, બોર્ડ કે કોઈપણને વાંધો કે તકરાર હોય તેમણે આધાર-પુરાવા સાથે, જાતે અગર તેમના વકીલશ્રી મારફતે અત્રેની કોર્ટમાં દિન-૩૦માં કચેરી સમય દરમ્યાન રજુ કરવાનું રહેશે અન્યથા અત્રેની કોર્ટ તરફથી આગળની ધારાસરની કાર્યવાહી હાથ ધરવામાં આવશે. જેની નોંધ લેશો.

આજ રોજ તા.૨૩/૦૨/૨૦૨૬નાં રોજ કોર્ટનો સહી સીક્કો કરી આપ્યો.

હુકમથી
સહી
(એચ.કે.ભાસ્કર)
એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટ
કોડીનાર

-:: જાહેર નોટીસ ::-

**-//એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટ સાહેબની કોર્ટમાં, કોડીનાર//-**

અરજી નં.12/2026
મરણ તારીખ : 10/08/1950

શ્રી બાલુભાઈ રામભાઈ પરમાર,
રહે.નવાગામ, ગામ-નવાગામ, તાલુકો-કોડીનાર, જિલ્લો-ગીર સોમનાથ
વકીલશ્રી એમ.આર.ડોડીયા, કોડીનાર ...........અરજદાર

**વિરૂધ્ધ**

રજીસ્ટારશ્રી (જન્મ-મરણ) અને તલાટી કમ મંત્રીશ્રી,
ગ્રામ પંચાયત કચેરી, નવાગામ, તાલુકો-કોડીનાર,
જિલ્લો-ગીરસોમનાથ .........સામાવાળા

**બાબત : જન્મ-મરણ નોંધણી અન્વયે મરણની નોંધણી કરાવવા બાબત**

આથી જાહેર જનતા જોગ આ નોટીસ દ્વારા જાણ કરવામાં આવે છે કે, આ કામના અરજદારશ્રી શ્રી બાલુભાઈ રામભાઈ પરમાર, રહે.નવાગામ, ગામ-નવાગામ તાલુકો-કોડીનાર, જિલ્લો-ગીર સોમનાથ વાળાએ તેમના દાદી સ્વ.મલાઈબેન મેઘાભાઈ પરમારનું મરણ તારીખ.10/08/1950ના રોજ કોડીનાર તાલુકાના નવાગામ ગામ મુકામે થયેલ છે,જે અન્વયે આ કામના સામાવાળા આ મતલબનો દાખલો કાઢી આપે તે મુજબની અરજી અત્રેની કોર્ટમાં ઉપરોક્ત નંબરથી કરેલ છે.

આ અરજી સામે જે કોઈ ઈસમ, વ્યક્તિ, સંસ્થા, બોર્ડ કે કોઈપણને વાંધો કે તકરાર હોય તેમણે આધાર-પુરાવા સાથે, જાતે અગર તેમના વકીલશ્રી મારફતે અત્રેની કોર્ટમાં દિન-૩૦માં કચેરી સમય દરમ્યાન રજુ કરવાનું રહેશે અન્યથા અત્રેની કોર્ટ તરફથી આગળની ધારાસરની કાર્યવાહી હાથ ધરવામાં આવશે. જેની નોંધ લેશો.

આજ રોજ તા.૨૩ માહેઃ ફેબ્રુઆરી સને૨૦૨૬નાં રોજ કોર્ટનો સહી સીક્કો કરી આપ્યો.

હુકમથી
સહી
(એચ.કે.ભાસ્કર)
એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટ
કોડીનાર

-:: જાહેર નોટીસ ::-

**-//એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટ સાહેબની કોર્ટમાં, કોડીનાર//-**

અરજી નં.13/2026
મરણ તારીખ : 04/03/1947

શ્રી બાલુભાઈ રામભાઈ પરમાર,
રહે.નવાગામ, ગામ-નવાગામ, તાલુકો-કોડીનાર, જિલ્લો-ગીર સોમનાથ
વકીલશ્રી એમ.આર.ડોડીયા, કોડીનાર ...........અરજદાર

**વિરૂધ્ધ**

રજીસ્ટારશ્રી (જન્મ-મરણ) અને તલાટી કમ મંત્રીશ્રી,
ગ્રામ પંચાયત કચેરી, નવાગામ, તાલુકો-કોડીનાર,
જિલ્લો-ગીરસોમનાથ .........સામાવાળા

**બાબત : જન્મ-મરણ નોંધણી અન્વયે મરણની નોંધણી કરાવવા બાબત**

આથી જાહેર જનતા જોગ આ નોટીસ દ્વારા જાણ કરવામાં આવે છે કે, આ કામના અરજદારશ્રી શ્રી બાલુભાઈ રામભાઈ પરમાર, રહે.નવાગામ, ગામ-નવાગામ તાલુકો-કોડીનાર, જિલ્લો-ગીર સોમનાથ વાળાએ તેમના દાદા સ્વ.મેઘાભાઈ મુળાભાઈ પરમારનું મરણ તારીખ.04/03/1947ના રોજ કોડીનાર તાલુકાના નવાગામ ગામ મુકામે થયેલ છે,જે અન્વયે આ કામના સામાવાળા આ મતલબનો દાખલો કાઢી આપે તે મુજબની અરજી અત્રેની કોર્ટમાં ઉપરોક્ત નંબરથી કરેલ છે.

આ અરજી સામે જે કોઈ ઈસમ, વ્યક્તિ, સંસ્થા, બોર્ડ કે કોઈપણને વાંધો કે તકરાર હોય તેમણે આધાર-પુરાવા સાથે, જાતે અગર તેમના વકીલશ્રી મારફતે અત્રેની કોર્ટમાં દિન-૩૦માં કચેરી સમય દરમ્યાન રજુ કરવાનું રહેશે અન્યથા અત્રેની કોર્ટ તરફથી આગળની ધારાસરની કાર્યવાહી હાથ ધરવામાં આવશે. જેની નોંધ લેશો.

આજ રોજ તા.૨૩ માહેઃ ફેબ્રુઆરી સને૨૦૨૬નાં રોજ કોર્ટનો સહી સીક્કો કરી આપ્યો.

હુકમથી
સહી
(એચ.કે.ભાસ્કર)
એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટ
કોડીનાર

# અમરેલી જિલ્લાના વિવિધ તાલુકાઓમાં સેવાસેતુ કાર્યક્રમ યોજાયો



અમરેલી,તા.૦૭

ગુજરાત સરકાર દ્વારા પ્રજાભિમુખ વહીવટના સંકલ્પને સાકાર કરવા માટે અમલમાં મૂકાયેલો સેવા સેતુ કાર્યક્રમ આજે ગ્રામીણ જનતા માટે આશીર્વાદરૂપ સાબિત થઈ રહ્યો છે. તાજેતરમાં અમરેલી જિલ્લાના વિવિધ તાલુકાઓમાં સેવા સેતુ ૨.૦ અંતર્ગત ભવ્ય કાર્યક્રમોનું આયોજન કરવામાં આવ્યું હતું. રાજુલાના દાતરડી, જાફરાબાદના મીતીયાળા, સાવરકુંડલાના આદસંગ, લીલીયાના સલડી મુકામે આ કાર્યક્રમો યોજાયા હતા. આ કાર્યક્રમનો મુખ્ય ઉદ્દેશ્ય સામાન્ય નાગરિકોને સરકારી કચેરીઓના ધક્કા ખાધા વિના પોતાના જ ગામમાં તમામ પાયાની સેવાઓ ઉપલબ્ધ કરાવવાનો રહયો છે. રાજ્ય સરકારની આ પારદર્શક અને ગતિશીલ કાર્યપદ્ધતિને કારણે ગ્રામ્ય વિસ્તારોમાં વહીવટી પ્રક્રિયાઓ અત્યંત સરળ બની છે. સેવા સેતુ કાર્યક્રમના કેન્દ્રસ્થાને નાગરિકોને રોજબરોજની જરૂરિયાત મુજબના દાખલાઓ આપવાની પ્રક્રિયા રહી છે. અમરેલી જિલ્લાના આ પાંચેય સ્થળો પર યોજાયેલા કાર્યક્રમો દરમિયાન હજારો ગ્રામ્ય નાગરિકોએ પોતાની જરૂરિયાત મુજબની સેવાઓનો લાભ લીધો હતો. આ દરમિયાન જાતિના દાખલા, આવકના દાખલા અને ગામ નમુના નંબર-૨ જેવી અતિ મહત્વની વહીવટી સેવાઓ સ્થળ પર જ પુરી પાડવામાં આવી હતી. આ ઉપરાંત મિલકત અને રહેઠાણના પુરાવા તરીકે ઉપયોગી એવા આકારણીના દાખલા અને નવા લગ્ન કરનાર યુગલો માટે લગ્ન નોંધણીની કામગીરી પણ ત્વરિત ગતિએ પૂર્ણ કરવામાં આવી હતી. ગ્રામીણ રોજગારી માટેના પાયાના એકમ સમાન નવા જોબ કાર્ડ પણ અનેક લાભાર્થીઓને એનાયત કરવામાં આવ્યા હતા.

# બગસરામાં રત્નકલાકારને 'આજે તો તને પતાવી દેવો છે' કહી છરી મારી આંતરડા બહાર કાઢી નાંખ્યા

બગસરા, તા.૦૮

બગસરામાં રત્નકલાકારને આજે તો તને પતાવી દેવો છે કહી છરી મારી આંતરડા બહાર કાઢી નાંખ્યા હતા. ઉપરાંત જાનથી મારી નાખવાની ધમકી પણ આપી હતી. આ અંગે દીપભાઈ રમેશભાઈ ઉનાવા (ઉ.વ.૨૦) એ વસીમ ઈકબાલભાઈ શાહમદાર, અલ્ફેસભાઈ ઈકબાલભાઈ શાહમદાર, અરમાન ઈકબાલભાઈ શાહમદાર, ઈકબાલશા ભીખુશા શાહમદાર તથા ઈકબાલશાના પત્ની સામે ફરિયાદ નોંધાવી હતી. તેમને વસીમ ઈકબાલભાઈ શાહમદાર તથા તેના પરિવાર સાથે આશરે બે એક વર્ષ પહેલા મારામારીનો ઝઘડો થયો હતો. જેની તેણે પોલીસ ફરીયાદ કરી હતી. તેનું જુનું મનદુઃખ રાખી આરોપીએ તેમને છરી બતાવી ગાળો આપી માર માર્યો હતો. જે બાદ તેઓ તથા સાહેદ હીરેન, સુઝલ તથા હર્ષદ સાથે મળીને આરોપીના ઘરે ઠપકો દેવા જતા તમામે એકસંપ તેમને આજ તો આને પતાવી દેવો છે તેમ કહી હાથમાં રહેલ છરી વડે જાનથી મારી નાખવાના ઈરાદે એક ઘા પેટની ડાબી બાજુના ભાગે મારી આંતરડા બહાર કાઢી ગંભીર ઈજા કરી હતી. આ દરમિયાન તેમને બચાવવા સાહેદ બિમલબેન આવતા તેને પણ વાસાના પાછળના ભાગે છરી મારી ઈજા કરી હતી. તેમજ સાહેદ જયદીપભાઈને પણ વાસાના પાછળના ભાગે છરી મારી ઈજા કરી હતી.

# સાવરકુંડલામાં આયુર્વેદ નિદાન અને સારવાર કેમ્પ યોજાયો: બહોળી સંખ્યામાં દર્દીઓએ લીધો લાભ




સાવરકુંડલા,તા.૦૮

સાવરકુંડલાના હાથસણી રોડ પર આવેલ મસ્તરામ પ્રાથમિક શાળા ખાતે આયુર્વેદ નિદાન અને સારવાર કેમ્પનું આયોજન કરવામાં આવ્યું હતું. ગાયત્રી ચેરિટેબલ ટ્રસ્ટના વિશેષ સહયોગથી યોજાયેલા આ કેમ્પમાં શ્વસનતંત્ર, પાચનતંત્ર, સ્ત્રીરોગ, બાળરોગ તેમજ વૃદ્ધાવસ્થાને લગતી વ્યાધિઓનું આયુર્વેદિક પધ્ધતિથી સચોટ નિદાન કરી તમામ જરૂરિયાતમંદ દર્દીઓને વિનામૂલ્યે દવાઓનું વિતરણ કરવામાં આવ્યું હતું. આ કેમ્પમાં હાથસણી રોડ, શ્રીજીનગર, ચંદ્રમોલી સોસાયટી, ગણેશવાડી તેમજ આસોપાલવ સોસાયટી જેવા વિસ્તારોમાંથી મોટી સંખ્યામાં દર્દીઓએ ઉમટી પડીને આરોગ્ય સેવાનો લાભ લીધો હતો. મેડિકલ ઓફિસર ડૉ. ડી.જે. ખાચર તથા ડૉ. અંજુમન શેખ દ્વારા સરાહનીય નિદાન સેવાઓ પૂરી પાડવામાં આવી હતી. ટ્રસ્ટી જતીનભાઈ મહેતા તથા અન્ય ટ્રસ્ટીઓએ ભારે જહેમત ઉઠાવી હતી.

# અમરેલીમાં ગાંઠિયાના બાકી પૈસા માંગતા દુકાનમાં તોડફોડ કરી ગ્રાહક પર સાંકળ અને છરી વડે હુમલો કર્યો

અમરેલી, તા.૦૮

અમરેલી શહેરના એક વિસ્તારમાં જૂના બાકી નિકળતા પૈસાની ઉઘરાણી કરવા જેવી સામાન્ય બાબતે મોટું સ્વરૂપ ધારણ કર્યું છે. ગાંઠિયાની દુકાને નાસ્તો કરવા ગયેલા યુવાન અને દુકાનદાર પર એક શખ્સે સાંકળ અને છરી જેવા હથિયારો વડે હુમલો કર્યો હતો. આ અંગે ઈશાનભાઈ ઈમરાનભાઈ સેલોત (ઉ.વ ૨૧)અરમાન ઉર્ફે એડી સામે નોંધાવેલી ફરિયાદ પ્રમાણે, તેઓ તેના બનેવીની ગાંઠિયાની દુકાને નાસ્તો કરવા ગયા હતા. તે સમયે આરોપી ત્યાં ગાંઠિયા લેવા આવ્યો હતો. તેમના બનેવીએ અગાઉના બાકી નીકળતા પૈસાની માંગણી કરતા આરોપી ઉશ્કેરાઈ ગયો હતો. જ્યારે તેમણે પણ પૈસા આપી દેવાનું કહેતા આરોપીએ અપશબ્દો બોલવાનું શરૂ કર્યું હતું.

ગાળો આપવાની ના પાડતા આરોપીએ ખિસ્સામાંથી લોખંડની સાંકળ કાઢી તેમના ડાબા નેણ પર અને ગળાના નીચેના ભાગે જોરદાર ઘા ઝીંક્યા હતા. ત્યારબાદ આરોપીએ ખિસ્સામાંથી છરી કાઢી જીવલેણ હુમલો કરવાનો પ્રયાસ કર્યો હતો. આ દરમિયાન બનેવી વચ્ચે પડતા તેમને ગળાના ભાગે છરી વાગી ગઈ હતી. આ ઉપરાંત દુકાનમાં પણ ભારે તોડફોડ કરી હતી. તેણે દુકાનનો ગલ્લો તોડી નાખી અંદર રહેલા પૈસા વેરવિખેર કરી નાખ્યા હતા. આસપાસના લોકો અને સાહેદો વચ્ચે પડતા આરોપી તને જાનથી મારી નાંખીશ તેવી ધમકી આપી ફરાર થઈ ગયો હતો.

# ભારતીય કિસાન સંઘ બાબરા દ્વારા ખેડૂત હિતમાં રેવન્યુ સુધારણા અંગે મુખ્યમંત્રી અને ધારાસભ્યને રજૂઆત



અમરેલી,તા.૦૮

ભારતીય કિસાન સંઘ, બાબરા તાલુકા દ્વારા ગુજરાતના મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલ અને લાઠી-બાબરા વિસ્તારના ધારાસભ્ય જનકભાઈ તળાવિયાને પત્ર લખી ખેડૂત રેવન્યુ અને રાષ્ટ્રહિત સંબંધિત મહત્વપૂર્ણ સુધારા કરવાની રજૂઆત કરવામાં આવી છે. સંઘના પ્રમુખ ભાનુભાઈ પાનશેરીયા અને બાબરા કમિટી દ્વારા જણાવાયું છે કે, રેવન્યુની આંટીઘૂંટીમાં અટવાયેલા ખેડૂતોના પ્રશ્નો ઉકેલવા અને આંતરિક કજિયા ઘટાડવા માટે સરકાર દ્વારા ચોક્કસ નિર્ણયો લેવા જરૂરી છે. આ અંગેની રજૂઆત મંત્રી કૌશિકભાઈ વેકરીયા અને ડી.આઈ.એલ. આર. (DILR) અમરેલીને પણ રવાના કરવામાં આવી છે.

# ચલાલામાં 'ડૉ. બી. આર. આંબેડકર પ્રવેશદ્વાર'નું લોકાર્પણ કરવામાં આવ્યું



ચલાલા,તા.૦૮

ચલાલા શહેરના અમરેલી રોડ પર આવેલી સર્વોદય સોસાયટીના યુવાનોએ ભવ્ય તોરણ સમાન દ્વારનું નિર્માણ કર્યું છે. આ નવનિર્મિત પ્રવેશદ્વારના લોકાર્પણ પ્રસંગે ધારી વિસ્તારના ધારાસભ્ય જે.વી. કાકડીયા, નગરપાલિકા પ્રમુખ જયરાજભાઈ વાળા તેમજ દાનબાપુની જગ્યાના લઘુમહંત મહાવિરબાપુ વિશેષ રૂપે ઉપસ્થિત રહ્યા હતા.

# અમરેલી-માંગવાપાળ રોડ પર હિટ એન્ડ રન: સિક્યુરિટી ગાર્ડનું અકસ્માતમાં મોત

અમરેલી, તા.૦૮

અમરેલી નજીક માંગવાપાળ પાસે ગત મોડી રાત્રે એક હૃદયદ્રાવક અકસ્માત સર્જાયો હતો. નોકરી પર જઈ રહેલા એક યુવાનના મોટરસાયકલને અજાણ્યા વાહન ચાલકે અડફેટે લેતા યુવાનનું ઘટનાસ્થળે જ ગંભીર ઈજાઓ થવાને કારણે મોત નીપજ્યું છે. અકસ્માત સર્જી વાહન ચાલક પોતાનું વાહન લઈને નાસી છૂટ્યો હતો. આ અંગે ઉદયભારથી મનુભારથી ગોસાઈ (ઉ.વ.૪૪) એ અજાણ્યા વાહન ચાલક સામે ફરિયાદ નોંધાવી હતી. જે મુજબ તેના ફઈનો દીકરો મૃતક યુવાન પોતાનું મોટરસાયકલ લઈને સનાળા ગામથી અમરેલી ખાતે આવેલી એસ.બી.આઈ. બેંકના એટીએમમાં નાઈટ સિક્યુરિટી ગાર્ડ તરીકેની નોકરીએ જઈ રહ્યો હતો.જ્યારે તે નાના ભંડારીયાના પાટિયાથી આગળ માંગવાપાળ વચ્ચે ધૂળિયા કૂવા પાસે પહોંચ્યો ત્યારે સામેથી આવતા એક અજાણ્યા વાહન ચાલકે પોતાના વાહનને પૂરઝડપે અને બેફિકરાઈથી ચલાવી મોટરસાયકલ સાથે જોરદાર ટક્કર મારી હતી. અકસ્માત એટલો ભયાનક હતો કે યુવાનને મોઢાના ભાગે અત્યંત ગંભીર ઈજાઓ પહોંચી હતી, જેના કારણે તેનું ઘટનાસ્થળે જ કમકમાટીભર્યું મોત નીપજ્યું હતું. અકસ્માત સર્જ્યા બાદ વાહન લઈને ભાગી છૂટ્યો હતો.

## આજનું પંચાંગ

વિક્રમ સંવત-૨૦૮૨, તિથિ: છઠ,સાતમ
તા.૦૯-૦૩-૨૦૨૬, સોમવાર, સૂર્યોદય-૦૬:૫૭,
સૂર્યાસ્ત-૦૬:૪૨, જૈન નવકારશી-૮-૧૦,
નક્ષત્ર: વિશાખા, અનુરાધા

## દૈનિક રાશિફળ

તા.૦૯-૦૩-૨૦૨૬ સોમવાર

મેષ: આર્થિક મામલામાં તમારા માટે આજનો દિવસ ઉત્સાહજનક રહેશે. તમે ઇચ્છો તો પણ રોકાણ કરી શકો છો.

વૃષભ: આજે તમને નાણાકીય લાભ થવાની સંભાવના છે. માનસિક તણાવથી બચવા માટે ધૈર્ય અને નમ્રતાથી કાર્ય કરો.

મિથુન: આજે તમને શુભ પરિણામ મળી શકે છે. તમારી ઈચ્છા આજે પૂરી થઈ શકે છે.

કર્ક: સારી ગુણવત્તાવાળા લોકો સાથે વધતા જોડાણને લીધે અધિકારીઓ તમારી તરફેણમાં રહેશે.

સિંહ: આજે તમારા પ્રિયજનો અને સંબંધીઓને શારીરિક પીડા થઈ શકે છે. બિનજરૂરી વિવાદોથી આજે દૂર રહો.

કન્યા: આજે અચાનક મોટી માત્રામાં આર્થિક લાભ થવાની સંભાવના રહેશે.

તુલા: આજે તમે સંતાન પક્ષને લઈને ચિંતિત રહેશો. બાળકની શારીરિક પીડાને કારણે તમે પરેશાન થશો.

વૃશ્ચિક: આજે તમારે સંયમનું પાલન કરવું જોઈએ. કોઈ બાબતે ભાઈ-બહેનો સાથે તણાવ થઈ શકે છે.

ધન: આજે તમારી પ્રતિષ્ઠામાં વધારો થશે. દુશ્મનોનું મનોબળ ઘટશે. સારા લોકો સાથે મિલાપ વધશે.

મકર: આજે કોઈ બાબતે વધારે માનસિક તણાવ રહેશે. તમને બાળક તરફથી ચિંતા થઈ શકે છે.

કુંભ: આજે શુભ ખર્ચ અને ખ્યાતિમાં વધારો થશે. આજે તમને દરેક જગ્યાએ અને ચારેય બાજુ વિજય પ્રાપ્ત થશે.

મીન: આજે તમને ધંધામાં સતત લાભ થવાની સંભાવના રહેશે. વ્યાવસાયિક ભાગીદારો સાથે મુશ્કેલી થવાની સંભાવના.

# જાફરાબાદના મીઠાપુર નજીક નેશનલ હાઈવે પર સિંહની જોખમી લટાર: વાહનચાલકોના પૈડા થંભ્યા



જાફરાબાદ,તા.૦૮

જાફરાબાદ તાલુકાના મીઠાપુર ગામ નજીક મોડી રાત્રે એક સિંહ અચાનક હાઈવે પર પસાર થતા વાહનચાલકોએ પોતાના વાહનો થંભાવી દીધા હતા. હાઈવે પર સિંહના આંટાફેરાના દ્રશ્યો વાહનચાલકોએ પોતાના મોબાઈલ કેમેરામાં કેદ કર્યા હતા, જેને પગલે વનવિભાગની સુરક્ષા કામગીરી સામે ગંભીર સવાલો ઉભા થયા છે. નેશનલ હાઈવે પર સિંહની હાજરીથી સ્થાનિકો અને વાહનચાલકોમાં ભયનો માહોલ જોવા મળી રહ્યો છે. અગાઉ આ જ હાઈવે પર વાહનોની અડફેટે બે સિંહ અને એક દિપડાના મોત થઈ ચૂક્યા હોવાની ઘટનાઓ બની છે. વારંવાર બનતી આવી ઘટનાઓ છતાં વનવિભાગ દ્વારા પૂરતી તકેદારી રાખવામાં ન આવતી હોવાથી લોકોમાં રોષ જોવા મળી રહ્યો છે. વન્યપ્રાણીઓની સુરક્ષા અને માનવ અકસ્માત નિવારવા માટે કાગવદરથી ટીંબી સુધીના માર્ગ પર વનવિભાગ દ્વારા સઘન પેટ્રોલિંગ વધારવામાં આવે તેવી માંગણી કરાઈ છે.

# હિંડોરણા ગામે રાધીકા હોટલની નીચેથી વેપારીનું બાઈક ચોરાયું

રાજુલા, તા.૦૮

હિંડોરણા ગામે રાધીકા હોટલની નીચેથી નવા આગરિયા ગામના વેપારીના બાઈકની ચોરી થઈ હતી. આ અંગે નવા આગરિયા ગામે રહેતા આણંદભાઈ ગોબરભાઈ લાભકા (ઉ.વ.૩૦) એ અજાણ્યા ચોર ઈસમ સામે નોંધાવેલી ફરિયાદ પ્રમાણે, તા.૦૫/૦૩/૨૦૨૬ ના રોજ હિંડોરણા ગામે રાધીકા હોટલની નીચે રાત્રીના બારેક વાગ્યે પોતાની બાઈક પાર્ક કરીને નવા આગરીયા તેમના ઘરે જતા રહ્યા હતા. ૦૬/૦૩/૨૦૨૬ ના બારેક વાગ્યાના અરસામાં તેઓ આવતાં બાઈક જોવા મળ્યું નહોતું. પોલીસ ચોપડે બાઈકની કિંમત રૂ.૨૦,૦૦૦ જાહેર થઈ હતી. રાજુલા પોલીસ સ્ટેશનના હેડ કોન્સ્ટેબલ જી જે કાતરીયા વધુ તપાસ કરી રહ્યા છે.


-:: જાહેર નોટીસ ::-

-//એકઝીકયુટીવમેજીસ્ટ્રેટ સાહેબની કોર્ટમાં, કોડીનાર//-

અરજી નં.11/2026
મરણ તારીખ : 07/04/1974

શ્રી બાલુભાઈ રામભાઈ પરમાર,
રહે.નવાગામ, ગામ-નવાગામ, તાલુકો-કોડીનાર, જિલ્લો-ગીર સોમનાથ
વકીલશ્રી એમ.આર.ડોડીયા, કોડીનાર ...........અરજદાર

**વિરૂધ્ધ**

રજીસ્ટારશ્રી (જન્મ-મરણ) અને તલાટી કમ મંત્રીશ્રી,
ગ્રામ પંચાયત કચેરી, નવાગામ, તાલુકો-કોડીનાર,
જિલ્લો-ગીરસોમનાથ ........સામાવાળા

**બાબત : જન્મ-મરણ નોંધણી અન્વયે મરણની નોંધણી કરાવવા બાબત**

આથી જાહેર જનતા જોગ આ નોટીસ દ્વારા જાણ કરવામાં આવે છે કે, આ કામના અરજદારશ્રી શ્રી બાલુભાઈ રામભાઈ પરમાર, રહે.નવાગામ, ગામ-નવાગામ તાલુકો-કોડીનાર, જિલ્લો-ગીર સોમનાથ વાળાએ તેમના માતા સ્વ.હીરૂબેન રામભાઈ પરમારનું મરણ તારીખ.07/04/1974ના રોજ કોડીનાર તાલુકાના નવાગામ ગામ મુકામે થયેલ છે,જે અન્વયે આ કામના સામાવાળા આ મતલબનો દાખલો કાઢી આપે તે મુજબની અરજી અત્રેની કોર્ટમાં ઉપરોક્ત નંબરથી કરેલ છે.

આ અરજી સામે જે કોઈ ઈસમ, વ્યક્તિ, સંસ્થા, બોર્ડ કે કોઈપણને વાંધો કે તકરાર હોય તેમણે આધાર-પુરાવા સાથે, જાતે અગર તેમના વકીલશ્રી મારફતે અત્રેની કોર્ટમાં દિન-૩૦માં કચેરી સમય દરમ્યાન રજુ કરવાનું રહેશે અન્યથા અત્રેની કોર્ટ તરફથી આગળની ધારાસરની કાર્યવાહી હાથ ધરવામાં આવશે. જેની નોંધ લેશો.

આજ રોજ તા.૨૩ માહેઃ ફેબ્રુઆરી સને૨૦૨૬નાં રોજ કોર્ટનો સહી સીક્કો કરી આપ્યો.

હુકમથી
સહી
(એચ.કે.ભાસ્કર)
એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટ
કોડીનાર


# બગસરામાં યુવકને લમણામાં છરીનો ઘા મારી જાનથી મારવાની ધમકી

બગસરા, તા.૦૮

બગસરા શહેરમાં નજીવી બાબતે થયેલી બોલાચાલીએ લોહિયાળ સ્વરૂપ ધારણ કર્યું છે.

પાન-માવાની દુકાને થયેલી માથાકૂટ બાદ સાત શખ્સોના ટોળાએ એક પરિવારના ઘર પર ધસી જઈ છરી, પાઈપ અને લાકડાના ધોકા વડે હિંસક હુમલો કરતા ચકચાર મચી ગઈ હતી. યુવકને લમણામાં છરીનો ઘા મારી જાનથી મારવાની ધમકી આપી હતી. આ અંગે ઈકબાલભાઈ ભીખુભાઈ શાહમદાર (ઉ.વ.૪૨)એ દીપ રમેશભાઈ ઉનાવા, હિરેન ભુપતભાઈ ઉનાવા, સુરેશભાઈ જયંતીભાઈ ઉનાવા, મનીષ ભુપતભાઈ ઉનાવા, લાલો જયંતીભાઈ ઉનાવા, હર્ષદ હિંમતભાઈ પાટડીયા, જયદીપ ભુપતભાઈ ઉનાવા સામે ફરિયાદ નોંધાવી હતી.

પોલીસમાં જાહેર થયેલી વિગત પ્રમાણે, તેમનો દિકરો વસીમ 'દાસની દુકાને' પાન-માવો ખાવા ગયો હતો. ત્યાં હાજર આરોપી સાથે કોઈ બાબતે બોલાચાલી થઈ હતી, જેમાં આરોપીએ વસીમને બેફામ ગાળો આપી હતી. વસીમે ઘરે આવીને આ અંગે પરિવારને જાણ કરી હતી. આ મામલો શાંત પડવાને બદલે વધુ વકર્યો હતો. આરોપીઓએ એકસંપ થઈ, હાથમાં છરી, લોખંડના પાઈપ અને લાકડાના ધોકા જેવા જીવલેણ હથિયારો સાથે તેમના ઘરે હુમલો કર્યો હતો. આરોપીઓએ ઘરના ડેલા પર આડેધડ ઘા મારી તોડફોડ કરી નુકસાન પહોંચાડ્યું હતું. આરોપીએ છરી વડે હુમલો કરી તેમના ડાબા કાન પાસે અને જમણા લમણે ઘા ઝીંક્યા હતા. જેમાં ફરિયાદીને ડાબા કાને ૪ ટાંકા અને કપાળના ભાગે ૫ ટાંકા આવ્યા હતા. આ ઉપરાંત તેમના પુત્રને માથામાં લાકડાનો ધોકો માતાં બે ટાંકા આવ્યા હતા. હુમલો કર્યા બાદ તમામ આરોપીઓએ તેમને અને તેમના પરિવારને જાનથી મારી નાખીશું તેવી ધમકી આપી ત્યાંથી નાસી છૂટ્યા હતા. બગસરા પોલીસ સ્ટેશનના પી આઈ આઈ જે ગીડા વધુ તપાસ કરી રહ્યા છે.

## તંત્રી લેખ

# વિકાસના સપના સાકાર કરવા મેક્રો ઈકોનોમિમા સુધારાની જરૂર

વિશ્વની રાજકીય અને આર્થિક પરિસ્થિતિ છેલ્લા કેટલાક સમયથી અત્યંત અસ્થિર બની રહી છે. ખાસ કરીને અમેરિકા અને ઈરાન વચ્ચે વધતા તણાવને કારણે સમગ્ર વિશ્વમાં અસુરક્ષા અને અનિશ્ચિતતાનું વાતાવરણ ઊભું થયું છે. મધ્ય પૂર્વનો વિસ્તાર ઊર્જા પુરવઠાનો મુખ્ય કેન્દ્ર હોવાથી અહીંનો કોઈપણ સંઘર્ષ વૈશ્વિક અર્થતંત્ર પર સીધી અસર કરે છે. જો અમેરિકા અને ઈરાન વચ્ચે સીધો સૈન્ય સંઘર્ષ ફાટી નીકળે તો તેલના ભાવમાં અચાનક ઉછાળો આવવાની શક્યતા વધે છે. વિશ્વના મોટા ભાગના દેશો તેમની ઊર્જા જરૂરિયાત માટે મધ્ય પૂર્વ પર નિર્ભર છે, તેથી આવા સંઘર્ષના કારણે વૈશ્વિક સપ્લાય ચેન માં વિક્ષેપ સર્જાઈ શકે છે.

મેક્રો ઈકોનોમિક સુધારાઓનો અર્થ માત્ર આર્થિક નીતિઓમાં ફેરફાર કરવો નહીં પરંતુ સમગ્ર વિકાસ માળખાને વધુ કાર્યક્ષમ બનાવવો પણ છે. કૃષિ ક્ષેત્રમાં ઉત્પાદનક્ષમતા વધારવી, જમીન સંબંધિત કાયદાઓમાં સરળતા લાવવી, મજૂર કાયદાઓને વધુ લવચીક બનાવવું અને ન્યાયતંત્રને ઝડપી તથા પારદર્શક બનાવવું જેવી બાબતો વિકાસ માટે અત્યંત જરૂરી છે. જો આ ક્ષેત્રોમાં વ્યાપક સુધારા કરવામાં આવે તો દેશના ઉદ્યોગો અને રોકાણકારોને વધુ અનુકૂળ વાતાવરણ મળી શકે છે.

આંતરરાષ્ટ્રીય નાણાભંડોળ દ્વારા પણ ભારતના સાતત્યપૂર્ણ વિકાસની પ્રશંસા કરવામાં આવી છે. **IMF**ના અંદાજ મુજબ ૨૦૨૫ અને ૨૦૨૬માં ભારતનો વૃદ્ધિદર લગભગ ૬.૫ ટકા રહેવાની શક્યતા છે. તેમ છતાં સંસ્થાએ સ્પષ્ટ જણાવ્યું છે કે ભારતે વૈશ્વિક સપ્લાય ચેનનો સશક્ત ભાગ બનવું હોય તો વેપાર નીતિઓમાં વધુ ઉદારતા લાવવી પડશે. ટેરિફમાં ઘટાડો કરવાથી આંતરરાષ્ટ્રીય સ્પર્ધા વધશે અને ભારતીય ઉદ્યોગોને ગુણવત્તા તથા કાર્યક્ષમતામાં સુધારો કરવાનો પ્રોત્સાહન મળશે. ન્યાયતંત્રમાં સુધારા પણ એટલાજ જરૂરી છે. લાંબા સમય સુધી ચાલતા કેસો અને વિલંબિત ન્યાય વ્યવસાયિક વાતાવરણને અસર કરે છે. જો ન્યાય પ્રણાલી વધુ ઝડપી અને પારદર્શક બને તો દેશી તથા વિદેશી રોકાણકારોમાં વિશ્વાસ વધે છે. આખરે સરકાર માટે સૌથી મોટી જવાબદારી નવી રોજગારી સર્જવાની છે. ઝડપી આર્થિક વૃદ્ધિ ત્યારે જ અર્થપૂર્ણ બને જ્યારે તેનો લાભ સામાન્ય નાગરિક સુધી પહોંચે. ઉદ્યોગ, ઈન્ફ્રાસ્ટ્રક્ચર, ટેકનોલોજી અને સેવાઓ ક્ષેત્રમાં રોકાણ વધારવાથી મોટા પાયે રોજગારી સર્જી શકાય છે.

વૈશ્વિક સ્તરે વધતા ટેરિફ યુદ્ધ, ભૂ-રાજકીય તણાવ અને આર્થિક અનિશ્ચિતતા વચ્ચે ભારત માટે આ સમય પડકારો સાથે તક પણ લઈને આવ્યો છે. જો દેશ મેક્રો ઈકોનોમિક સુધારાઓને દ્રઢતા સાથે અમલમાં મૂકે, આંતરરાષ્ટ્રીય સ્પર્ધાને સ્વીકારી અને રોજગારી કેન્દ્રિત વિકાસ મોડેલ અપનાવે, તો ૨૦૪૭ સુધી વિકસિત ભારતનું સ્વપ્ન સાકાર થવું અશક્ય નથી. વિકાસનો માર્ગ સરળ નથી, પરંતુ દ્રઢ નીતિ, રાજકીય સંમતિ અને સામૂહિક સંકલ્પથી તે ચોક્કસ શક્ય બની શકે છે.

# દેશની સત્તા લોકોના હાથમાં આવ્યા પછી પણ દેશ મજબૂત બની શક્યો નથી, અલગતાવાદી દળો મજબૂત બની રહ્યા છે !!!

## પુષ્પ : ૧૬

## વિચારપૂંજ

સંકલન - હું એક સામાન્ય સ્વયંસેવક
(રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘ અમરેલી જિલ્લો)



રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘના ત્રીજા સરસંઘચાલક બાળાસાહેબ દેવરસે ઈ.સ. ૧૯૯૨ ના વિજયાદશમી ઉત્સવના બૌદ્ધિકમાં સંઘના સ્વયંસેવકોએ શું કરવું જોઈએ? એ વિષય પર વાત કરતા કહ્યું કે, 'આજે આપણા દેશનું ચિત્ર સુખદ નથી, ભયાનક છે. દરેક જગ્યાએ સંકટના કાળા વાદળો છવાયેલા જોવા મળી રહ્યા છે. આ કટોકટીઓ બાહ્ય અને આંતરિક બંને પ્રકારની છે. જેમ રોગ સરળતાથી નબળા વ્યક્તિ પર હુમલો કરે છે, તેવી જ રીતે આફતો પણ નબળા રાષ્ટ્ર પર સરળતાથી હુમલો કરે છે. દેશની સત્તા પોતાના લોકોના હાથમાં આવ્યા પછી પણ દેશ મજબૂત બની શક્યો નથી. વિદેશી શાસકો સામે જે એકતા દેખાતી હતી તે હવે અદ્રશ્ય થઈ ગઈ છે. અલગતાવાદી દળો વધુ મજબૂત બની રહ્યા છે અને એવું લાગે છે કે સરકાર તેને નિયંત્રિત કરવામાં સક્ષમ નથી. રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘના મતે આ બધી સમસ્યાઓનો જવાબ સમાજની સંગઠિત શક્તિ છે. આપણો આ જવાબ આજનો નથી, સંઘના જન્મથી જ આ આપણો જવાબ રહ્યો છે. આ દેશનું ભાગ્ય ઘડવાની જવાબદારી હિન્દુ સમુદાયની છે અને સંઘ શરૂઆતથી જ માનતો આવ્યો છે કે, ફક્ત એક સંગઠિત હિન્દુ સમાજ જ આ જવાબદારી નિભાવી શકે છે. હિન્દુ સમાજ માં તમામ પ્રકારની ક્ષમતાઓ અસ્તિત્વમાં છે. ફક્ત તે સંભાવનાઓને સાકાર કરવાની અને ઉચ્ચ અનુભૂતિ ધરાવતા લોકોનું મજબૂત સંગઠન બનાવવાની જરૂર છે. પરંતુ કમનસીબે આપણા નેતાઓએ આ સંભાવનાને ઓળખી ન હતી. તેમણે સમાજને તેની સુષુપ્ત ક્ષમતાથી વાકેફ ન કરાવ્યા. તેથી દરેક વખતે કંઈક પ્રાપ્ત કરવા માટે, કોઈની આગળ ભીખ માંગવી, કોઈની આગળ હાથ લંબાવવો અને મદદ મેળવવા માટે સમાધાન કરવું એ આપણી સામાજિક અને રાષ્ટ્રીય જીવનશૈલી બની ગઈ છે. કોઈ પણ દેશ ફક્ત તેના રાષ્ટ્રીય સમાજના બળ પર જ સ્વતંત્ર બને છે અને ફક્ત તે બળ પર જ તેની સ્વતંત્રતા જાળવી રાખે છે. ખિલાફત આંદોલન જેવા અત્યંત અનિચ્છનીય આંદોલનો જેણે રાષ્ટ્રીય વફાદારી જગાડી હતી, તેવી પણ અહીં હિમાયત કરવામાં આવી હતી. તૃષ્ટિકરણની આ નીતિ દેશના ભાગલા તરફ દોરી ગઈ. અસંખ્ય લોકોની હત્યા કરવામાં આવી ઘણા લોકોને પોતાના ઘર, પરિવાર અને જમીન છોડવી પડી. તેમને શરણાર્થી તરીકે રહેવાની ફરજ પાડવામાં આવી દેશની આઝાદી પછી પણ આપણને આત્મનિર્ભરતાનો માર્ગ સૂચવવામાં આવ્યો ન હતો. આપણી સરકારે લોકોના આર્થિક વિકાસ પર ધ્યાન કેન્દ્રિત કર્યું. પરંતુ આ કિસ્સામાં પણ તેમને એવું લાગ્યું નહી કે આપણે આપણા પોતાના દમ પર કંઈ કરીશું, વિદેશીઓ પાસેથી મદદ લેવી અને તેમની પાસેથી ઉધાર લેવું એ એકમાત્ર પદ્ધતિ છે જે આપણા રાજકારણીઓ પસંદ કરે છે. એટલા માટે આપણે આપણો બધો વૈભવ અને વિલાસ ઉધાર લઈને જાળવી રાખીએ છીએ. એવું શીખવવામાં આવ્યું ન હતું કે, દેશનું નિર્માણ મજબૂત આર્થિક પાયા પર થવું જોઈએ. લોકોએ વધુ મહેનત કરવી જોઈએ, પોતે કરકસર કરવી જોઈએ અને રાષ્ટ્રનું ગૌરવ વધારવું જોઈએ. આપણા શાસકો ઉધાર દ્વારા મેળવેલી વૈભવી સુવિધાઓથી ગ્રસ્ત થઈ ગયા અને તેઓ દેવાનો પહાડ વધારતા રહ્યા. ધીરાણ આપનારા દેશો અને સંસ્થાઓ હવે આપણા સ્વતંત્ર દેશ પર પોતાની નીતિઓ અને પોતાની ઈચ્છાઓ લાદી રહ્યા છે પણ તેમને દોષ આપવાનો કોઈ અર્થ નથી. આપણને રાષ્ટ્રહિતોની ખબર નહોતી, તેમનો શું વાંક છે ? તેથી શરૂઆતથી જ રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘ માનતો આવ્યો છે કે, આત્મનિર્ભરતા સિવાય શક્તિ અને પ્રગતિનો બીજો કોઈ માર્ગ નથી. આ બધું યોગ્ય રીતે કરવું પડશે. આ દેશમાં બહુમતી ધરાવતો હિન્દુ સમાજ આ દેશને પોતાની માતૃભૂમિ માને છે અને સ્વાભાવિક રીતે જ દેશ માટે કોઈ પણ બલિદાન આપવા તૈયાર છે, અને તેથી સંઘે હિન્દુઓને સંગઠિત કરવાના મૂળભૂત કાર્યને સ્વીકાર્યું છે. સંઘ ક્યારેય એવું માનતો નથી કે સરકાર બધું જ કરશે. સંઘ માનતો હતો અને હજુ પણ માને છે કે ફક્ત સામાજિક શક્તિ જ ઈચ્છિત પરિવર્તન લાવી શકે છે. રાષ્ટ્રની શક્તિ માટે રાષ્ટ્રની સ્વતંત્રતા શાશ્વત રહે તે માટે સામાજિક સંગઠન એક માત્ર આધાર છે. જો સમાજ સારી રીતે સંગઠિત હશે તો સરકાર પણ સારી રીતે વર્તશે. આર્થિક ગુલામીના સંભવિત ખતરાનો સામનો કરવા માટે આત્મનિર્ભરતાનો આ અભિગમ ઉપયોગી છે. સ્વદેશીનો સ્વીકાર કરીને જ આપણે આ સંકટમાંથી બહાર નીકળી શકીશું. જો આપણે આપણી વૈભવી સુવિધાઓને ભૂલી જઈશું તો આપણે તે બધું છોડી શકીશું. સરકાર અને જનતા બંનેએ આ નક્કી કરવું પડશે. મને સમજાતુ નથી કે આ સરકારે ફરીથી અનાજની આયાતની નીતિ કેમ અપનાવવી પડી ? આપણે દરેક રીતે આત્મનિર્ભર બનવાનો સંકલ્પ કરવો જોઈએ. આજે આપણે ભલે આત્મનિર્ભર ન હોઈએ, પરંતુ આપણે આપણી બધી નીતિઓ અને કાર્યક્રમો તે દિશામાં આગળ વધવાના હેતુથી ઘડીશું. આ માટે આપણે ગમે તે કિંમત ચૂકવવી પડે તે ચૂકવીશું. આપણે બધા ઉકેલ અજમાવીશું. જે અદ્યતન ટેકનોલોજી આપણી પાસે નથી તે આપણે બીજાઓ પાસેથી મેળવવી પડશે. પરંતુ આપણે આપણી રાષ્ટ્રીય જરૂરિયાતો અને રાષ્ટ્રીય સમસ્યાઓનો વિચાર કર્યા પછી જ તેને સ્વીકારીશું અને આપણે સાથે પોતાની ટેકનોલોજી પણ વિકસાવીશું સામાન્ય લોકોના મનમાં વિશ્વાસ પેદા કરતી પંચવર્ષીય યોજનાની જરૂર છે. જો આઠમી પંચવર્ષીય યોજના પહેલી સાત પંચવર્ષીય યોજનાઓની જેમ જ આગળ વધશે તો આપણી પવિત્ર માતૃભૂમિ રાજકીય ગુલામીમાંથી મુક્ત થઈ આર્થિક ગુલામીના બંધનમાં જકડાઈ જશે. તેથી દરેક વ્યક્તિ દરેક પરિવારે 'સ્વદેશી જાગરણ મંચ' દ્વારા શરૂ કરાયેલા સ્વદેશી અભિયાનમાં સક્રિયપણે ભાગ લેવો જોઈએ. દેશભક્તિની ભાવના અદભૂત કામ કરે છે. વિશ્વના ઈતિહાસમાં આના ઘણા ઉદાહરણો છે. આ ભાવનાના બળ પર એક જાગૃત દેશભક્ત નેતૃત્વએ રણમાં સ્વર્ગ બનાવ્યું છે. વિભાજિત રાષ્ટ્રને ફરીથી એક કર્યું છે. ઈતિહાસને એક નવી દિશા મળી છે. પરંતુ જો આ ભાવનાનો અભાવ હશે તો રાષ્ટ્ર દુઃખના ઊંડા ખાડામાં જતું રહેશે.'

# સુખ - દુઃખના સરનામાં !

## મનન ચિંતન

ભરત બાવીશી



એક કવિએ વ્યંગમાં લખ્યું છે: "સુખદુઃખના સરનામાં ના હોય સાહેબ,અહીંતો આપણા મળે એ સુખ અને છુટા પડે એ દુઃખ, લાગણીઓ સચવાય એ સુખ અને દુઃખ."

જીવન એક લાંબી યાત્રા છે. આ યાત્રામાં આપણે ઘણી જગ્યોએ રોકાઈએ છીએ. ક્યારેક સુખના સરનામે પહોંચી જઈએ છીએ તો ક્યારેક દુઃખના દરવાજે ઊભા રહી જઈએ છીએ. જીવનના માર્ગ પર ચાલતા દરેક માણસે એક પ્રશ્ન જરૂર પૂછ્યો હશે કે સુખ ક્યાં મળે છે? અને દુઃખ કેમ પાછળ પડે છે? માણસ આખું જીવન સુખના સરનામાં શોધવામાં પસાર કરી દે છે, પરંતુ ઘણીવાર તેને ખબર જ નથી પડતી કે સુખ અને દુઃખના સાચા સરનામાં તો આપણા પોતાના મનમાં જ વસેલા છે.હકીકતમાં સુખ અને દુઃખ જીવનના બે એવા સરનામાં છે, જ્યાં દરેક માણસને ક્યારેક ને ક્યારેક જવાનું જ હોય છે.સુખ અને દુઃખ જીવનના બે અવિભાજ્ય સાથી છે.સુખ આવે ત્યારે માણસ ગર્વથી ઊંચો થઈ જાય છે અને દુઃખ આવે ત્યારે જીવનની સાચી સમજણ આપી જાય છે.સુખનું સરનામું બહારની ભૌતિક વસ્તુઓમાંનથી,પણ મનની શાંતિ અને સંતોષમાં વસેલું છે.અને દુઃખનું સરનામું પણ કોઈ વ્યક્તિ કે પરિસ્થિતિમાં નથી,તે તો આપણી અપેક્ષાઓના ભારમાં જન્મે છે.

માણસ મોટાભાગે સુખને બહાર શોધે છે;સંપત્તિમાં, પદમાં, પ્રસિદ્ધિમાં અથવા સંબંધોમાં. પરંતુ સમય વારંવાર સમજાવે છે કે આ બધું હોવા છતાં માણસના મનમાં શાંતિ ન હોય તો સુખનો કોઈ અર્થ રહેતો નથી. સાચું સુખ એ છે કે માણસને પોતાના જીવનથી સંતોષ હોય, પોતાના કર્તવ્યમાં આનંદ હોય અને પોતાના અંતરમાં શાંતિ હોય.

દુઃખનું પણ એક અજાણ્યું સરનામું છે. દુઃખ ઘણીવાર પરિસ્થિતિઓથી ઓછું અને અપેક્ષાઓથી વધારે જન્મે છે. જ્યારે અપેક્ષાઓ વધારે હોય અને વાસ્તવિકતા અલગ હોય ત્યારે મનમાં નિરાશા જન્મે છે. એટલે જ સમજદાર લોકો કહે છે કે અપેક્ષાઓ ઓછી અને પ્રયત્નો વધારે રાખશો તો દુઃખના પગલા આપોઆપ ધીમા પડી જશે.

સુખ આવે ત્યારે માણસને લાગે છે કે હવે જીવનમાં બધું જ મળી ગયું. ઘરમાં હાસ્ય હોય, ચહેરા પર ખુશી હોય અને હૃદયમાં આશા હોય ત્યારે જીવન સુખના સરનામે પહોંચ્યું લાગે છે. પરંતુ જીવનનું એક સત્ય એ પણ છે કે સુખ ક્યારેય કાયમ માટે રહેતું નથી. તે થોડા સમય માટે મહેમાન બની આવે છે અને પછી શાંતિથી આગળ વધી જાય છે.

દુઃખનું સરનામું પણ જીવનના માર્ગમાં આવે છે. ઘણીવાર માણસ દુઃખથી ભાગવાનો પ્રયાસ કરે છે, પરંતુ દુઃખ જીવનને સમજવાનો અને ઘડવાનો સૌથી મોટો ગુરુ છે. દુઃખ માણસને ધીરજ શીખવે છે, સંઘર્ષ શીખવે છે અને પોતાના તથા પરાયાના સાચા ચહેરા પણ દેખાડે છે.

સુખ અને દુઃખ જીવનના બે અવિભાજ્ય અતિથિ છે. એક આવે ત્યારે માણસ આનંદથી ઝૂમી ઊઠે છે, અને બીજું આવે ત્યારે માણસ વિચારના ગાઢ સાગરમાં ડૂબી જાય છે. જીવનના આ બે રંગ વગર માણસનું અસ્તિત્વ અધૂરું છે. જો જીવનમાં માત્ર સુખ જ હોત તો કદાચ માણસને તેની કિંમત સમજાત નહીં, અને જો માત્ર દુઃખ જ હોત તો જીવન જીવવાની આશા જ બાકી રહેત નહીં.

ઘણા લોકો સુખમાં સાથે રહે છે, પરંતુ દુઃખમાં જે સાથ આપે તે જ સાચા સંબંધોની ઓળખ કરાવે છે.એક કવિએ સરસ લખ્યું છેકે "સુખ દુઃખ નિભાવતા તો માત્ર ફૂલોને આવડે છે,લગ્ન હોય કે મરણ સાથ જરૂર આપેછે."સાચું કહીએ તો સુખ અને દુઃખ બંને જીવનના શિક્ષક છે. સુખ આપણને આભાર માનવાનું શીખવે છે અને દુઃખ આપણને મજબૂત બનવાનું શીખવે છે. જો માણસ બંનેને સમતાથી સ્વીકારી લે તો જીવનની યાત્રા વધુ સરળ બની શકે.

સમય જીવનનો સૌથી મોટો શિક્ષક છે. સમય આપણને શીખવે છે કે સુખ કાયમ માટે નથી આવતું અને દુઃખ પણ સદાકાળ માટે રહેતું નથી. જીવનના આ ઉતારચઢાવ માણસને પરિપક્વ બનાવે છે. દુઃખ માણસને ધીરજ, સમજણ અને સંવેદનાની ભેટ આપે છે, જ્યારે સુખ માણસને આશા અને ઉર્જા આપે છે.

જીવનમાં જે માણસ સુખમાં વિનમ્ર રહે છે અને દુઃખમાં ધીરજ રાખે છે, તે માણસ સાચા અર્થમાં જીવન જીવવાની કળા શીખી જાય છે. કારણ કે સુખ અને દુઃખ બંને સમયસર આવતાં મહેમાન છે; બંનેને સ્થાન આપવું એ જ જીવનની સમજૂતી છે.સુખ આવે ત્યારે અહંકારનો દ્વાર બંધ રાખજો,દુઃખ આવે ત્યારે આશાનો દીવો જલતો રાખજો.

જીવનના રસ્તે બંને સરનામાં લખાયેલા છે,મુસાફર બનીને હસતા હસતા આગળ વધતા રહેજો.સુખના સરનામે જઈને માણસ ઘણીવાર ખોવાઈ જાય છે,દુઃખના સરનામે જઈને જ જીવનનો રસ્તો સમજાઈ જાય છે.જીવનનું સાચુ જ્ઞાન એ છે કે સુખ આવે ત્યારે નમ્રતા રાખવી અને દુઃખ આવે ત્યારે ધીરજ રાખવી.

અંતમાં વાત એટલી જ છે કે સુખ અને દુઃખના સરનામાં બહાર ક્યાંય લખેલા નથી. તે આપણા વિચાર, વર્તન અને સમજણમાં વસે છે. જે માણસ પરિસ્થિતિને સ્વીકારવાની કળા શીખી જાય છે, તે સુખને આમંત્રણ આપે છે અને દુઃખને પણ દર્પણ બનાવી લે છે.

**સુખનું સરનામું સંતોષના દીવામાં ઝળહળે છે,**
**દુઃખનું સરનામું અપેક્ષાના વાદળમાં છુપાય છે.**
**સમજણની છત્રી જે રાખે જીવનના આકાશે,**
**તેના માર્ગે તો સુખ–દુઃખ બંને**
**મહેમાન બની જાય છે.**

# માટી, માતૃભૂમિ અને ખેડૂતો માટે કામ કરતી દિકરી

## ઝાકળનું એક બિંદુ

હિરેન હિરપરા







મહાનગરોના સિમેન્ટ, ક્રોક્રેટના ઉંચા-ઉંચા ટાવરો વચ્ચે ગામડા-ગામના ખાનદાની ખોરડાઓને જાણે હવે જાખપ લાગી ગઈ છે. દેશ એ ગામડાઓથી સમૃધ્ધ હતો હવે, ગામડાઓમાંથી થતા સતત સ્થળાંતરના કારણે આજે અનેક ગામડાઓ વેરાન બની ચૂકયા છે. ગામડાઓ ભાંગવાનું મુખ્ય કારણ જમીનોના ટુંકડા, ખેતીમાં અનિયમિત અને અનિશ્ચિત આવક, ખેત મજુરોનો અભાવ જેવા અનેક કારણો સહિત સામાજીક કારણો પણ એટલા જ જવાબદાર છે. શું ગામડાઓમાંથી સતત સ્થળાંતર થતી વસ્તીને મહાનગરો સાચવી શકશે ખરા ? મહાનગરોની ટ્રાફિક સમસ્યા, વસ્તી વધારાની સમસ્યા, મોંઘવારી સહિતના કારણો ગામડામાંથી સ્થળાંતર થતા લોકો જીરવી શકશે ખરા? આપણા દેશે ઝડપથી પશ્ચિમી સંસ્કૃતિનું અનુકરણ કરી લીધુ છે. જેના સામાજીક અને પારિવારીક જીવન ઉપર પણ ગંભીર અસર જોવા મળી છે. આ બધા વચ્ચે પણ જનની જન્મભૂમિ માટે એવા ઘણા લોકો કામ કરી રહ્યા છે. જેને દેખાવો કરવાનો કે પ્રસિધ્ધ થવાનો મોહ નથી પણ વર્તમાન પરિસ્થિતી જાણીને ધુળમાં ધામા નાખ્યા છે.

અમદાવાદ જેવા મહાનગરોમાં રહીને એમ.બી એ હેલ્થકેર મેનેજમેન્ટની ડિગ્રી મેળવીને બેંક, હોસ્પિટલ જેવી ખ્યાતી પ્રાપ્ત જગ્યાએ નોકરી કરી નાની ઉંમરે અનેક સામાજીક સંસ્થાઓ સાથે જોડાઈને વંચિતોની સેવાનું માધ્યમ બન્યા એ છે જેનીબેન ચેતનભાઈ જાદવ જુનાગઢ જિલ્લાના માંગરોળ ગામના વતની છે. ૩૮ વર્ષની વયે માટી, માતૃભૂમિ, ખેડૂતો અને ગામડાઓની સેવા માટે કામે લાગ્યા છે.

સામાજીક સંસ્થાઓ સાથે જોડાઈને પંખીઓ અને ગાયોને બચાવવાની પ્રવૃતિઓ નિભાવી ઉપરાંત સાઉથ આફ્રિકા સરકારના નિમંત્રણથી વાઈલ્ડ લાઈફની પ્રવૃતિઓ કરી ઉપરાંત મહારાષ્ટ્ર અને કર્ણાટક જેવા રાજયોમાં પ્રાણીઓની ગણતરીમાં પણ જોડાયા હતા.

આ બધા વચ્ચે આ દિકરી વિચારે છે. કે આજે ગામડાઓ અને ખેતી ભાંગી રહી છે. વધુ પડતા ખાતરો અને દવાઓના કારણે કેન્સર સહિત અનેક બિમારીઓ અને જમીન બિન ઉપજાવ બનતી જાય છે. ત્યારે શહેરીકરણની લાઈફ સ્ટાઈલ છોડીને ધુળમાં ધામાનાખી ખેડૂતોને જાગૃત કરવા માટે પ્રાકૃતિક ખેતીનું અભિયાન શરૂ કર્યુ છે. આજે લોકો ઉપદેશ આપે છે. ગામડાઓમાં રહો, ખેતી કરો પણ અનુકરણ કોઈ કરતા નથી. પરંતુ જેનીબેન વાસ્તવના રસ્તે ચાલીને માંગરોળની બાજુમાં શેરીયાજ ગામે વર્મી કોમ્પોસ્ટ યુનિટ ઉભુ કર્યુ છે. ૧ એકરમાં વર્મી કંમ્પોસ્ટ ખાતર બનાવવા માટે યુનિટ ઉભુ કર્યુ છે. જેના થકી ખેડૂતોને ઉત્તમ પ્રકારનું સેન્દ્રીય ખાતર બનાવીને પુરૂ પાડવામાં આવે છે. ઉપરાંત તેની સમજ ખેડૂતોને આપવામાં આવે છે. સેન્દ્રીય ખાતરોના ફાયદા અને અળસિયા વિશે ખેડુતોને તેના થતા લાભોથી માહિતગાર કરવામાં આવે છે. આ ઉપરાંત શાળા અને કોલેજોના વિદ્યાર્થીઓ પણ મુલાકાત લઈને શિક્ષણ મેળવે છે. જેને એક વિઘો જમીન નથી એવી વ્યક્તિ ખેતી, ખેડૂતો અને ગામડાઓને જાગૃત કરવા મથી રહ્યા છે જયારે જે લોકોને ખેતીએ સુખી કર્યા એ લોકો મહાનગરોની વાટ પકડી છે. જેનીબેન જાદવનો સંપર્ક નં. ૯૮૭૯૯૭૨૪૪૩ છે.

## :: તિખારો ::

**જીંદગીના છાંયડામાં મજા કરી હોય તેમણે તડકો સહન કરતા પણ શીખવુ જોઈએ. એવું વ્યક્તિત્વ તડકામાં લડવામાં સૂકાય જાય છે. જેનું અસ્તિત્વ છાંયડામાં હોય**

Printed and Published by Vasantbhai Bavabhai Movliya on behalf of Director Sanjog India News Private Limited. Printed at Sanjog Press, Sanjog India News Private Limited keriya gam road opp. hanuman vadi, near bypaas Amreli -365601 and published at Sanjog India News Private Limited keriya gam road opp. hanuman vadi near bypass amreli. Editor Vasantbhai Bavabhai Movliya
Resident Editor : N. B. Desai (Responsible for the selection of News Under PRB Act (c). phone : 02792-225225, RNI.No.:GUJ GUJ/2017/75270, Title code : GUJ GUJ 16801

# અઠવાડિક ખેતી કાર્યો





જમીનના ગુણધર્મો અને ખાતર વિકાસ વચ્ચેનો સંબંધ " OC (Organic Carbon)" જમીનમાં કાર્બનિક પદાર્થ ઓછા થતાં સૂક્ષ્મજીવ ઘટે છે. સૂક્ષ્મજીવ ન હોય તો જમીનમાં પોષકતત્વનું ચક્રણ (nutrient cycling) અટકી જાય છે. એ માટે રસાયણિક ખાતરો પર નિર્ભરતા વધી, અને પછીથી ખાસ સૂક્ષ્મજીવ આધારિત બાયો-ફર્ટિલાઈઝર (PSB, Rhizobium, Azotobacter, Trichoderma) આવ્યા.

"C:N રેશિયો" જમીનમાં કાર્બન વધારે અને નાઈટ્રોજન ઓછું હોય તો સૂક્ષ્મજીવ ઉપલબ્ધ (N) નાઈટ્રોજન ખાઈ જાય પાકને ઉણપ પડે. એ માટે અલગ-અલગ N આધારિત ખાતરો (યુરીયા,એમોનિયમ સલ્ફેટ,CAN/કેલ્શિયમ નાઈટ્રેટ) વિકસાવાયા.

"સૂક્ષ્મજીવ અસંતુલન" લાંબા સમય સુધી રાસાયણિક ખાતરો અને ઝેરી દવાઓ વપરાતાં જમીનના ફાયદાકારક સૂક્ષ્મજીવ (PSB,VAM, Rhizobium,besilus,વગેરે) ઘટી ગયા. એ કારણે જમીનમાં પોષકતત્વો ઉપલબ્ધતા ઘટી. એ માટે દ્રાવ્ય સ્વરૂપના NPK + માઈક્રો પેકેજ બનાવવામાં આવ્યા.

"જમીનનો લેવલ બગડ્યો એટલે Water Soluble Fertilizer (WSF) આવ્યા" જમીનમાં પોષકતત્વનો બેલેન્સ બગડ્યો હોવાથી સીધા જ છોડને પાન મારફતે કે ડ્રિપ સિંચાઈ મારફતે આપવા માટે WSF તૈયાર થયા. ઉદાહરણ: ૧૯:૧૯:૧૯, ૧૩:૦૦:૪૫, ૦:૫૨:૩૪,૧૨:૬૧:૦૦ વગેરે.. સીધા પાન/મૂળ સુધી પહોંચે છે, "જમીનના પ્રોબ્લેમ (pH, EC, CEC, OC) ને બાયપાસ કરે છે".

"સારાંશ" રાસાયણિક ખાતરોના જુદા જુદા પ્રકારો આવ્યા તેના માત્ર બે મોટા કારણો છે:

૧. પાક,જમીન મુજબ ખેતી પદ્ધતિની જુદી જરૂરિયાત.

૨. પરંતુ વધુ મોટું કારણ એ છે કે જમીનનું સ્વાસ્થ્ય (pH, CEC, EC, OC, C:N રેશિયો, સૂક્ષ્મજીવ સંતુલન) ખરાબ થતું ગયું એના લીધે પાણીનો pH,TDS અને EC બરોબર રહ્યો નહી.

તેના કારણે આજે આપણે "Water Soluble Fertilizer" "Special Grade Fromulations" વાપરવા મજબૂર થયા છીએ,કેમ કે જમીનમાંથી પોષકતત્વ પ્રાકૃતિક રીતે ઉપલબ્ધ થતું નથી.

આપણા શેઢા પાળે અથવા સીમમાં અને જંગલમાં આ બધી એક્ટીવીટી કુદરતી થાય છે કેમ કે ત્યાં કોઈ ખાતર,પાણી,દવા વગેરે કોઈ માવજત નથી છતાં પણ ત્યાં કોઈ રોગ,ઉણપ નથી. એવું જ ખેતરમાં કુદરતી થાય માટે સાચી દિશા અને ટેકનીકનો ઉપયોગ કરવો આજની જરૂરીયાત છે. આ માટે તમે નીચેના ૪ કામો કરવાનું ચાલુ કરો...એટલે જમીનનો PH EC OC CEC CN રેશિયો અને સૂક્ષ્મ જીવાણુઓની એકિટવિટી અને પાણીનાu PH EC TDS તેમજ છોડનો બ્રિક્સ સુધરવા લાગશે જેના લીધે રોગો કે કીટકો આવતા બંધ થઈ જશે ખર્ચ ઓછો થતો જશે..પાક ઉત્પાદન વધશે...ચિંતામુક્ત ખેતી થવા લાગશે

(૧) આ રાસાયણિક ખાતરો બધા વાપરવાના જ છે પણ સીધા ખેતરમાં એટલે કે જમીનમાં આપ્યા પહેલા ડીકમ્પોઝ બહાર કરીને પછી આપવા જરૂરી છે.

(૨) સી.એન.રેશિયો ના માપ મુજબ સેન્દ્રીય ખાતરોનો જમીનમાં ઉપયોગ કરવો.

(૩) ફુગ અને બેકટેરિયાનો ઉપયોગ રેશિયો મુજબ જોઈએ.

(૪) છોડ ઉપર અને જમીનમાં સૂક્ષ્મ જીવાણુઓનો દર પંદરથી વીસ દિવસમાં એકવાર એડવાન્સમા ઉપયોગ જેથી કોઈ ફૂગ,કીટક,વાયરસ અને બેક્ટેરિયલ પ્રોબ્લેમ આવે નહી.

**જમીનના પૃથ્થકરણના ફાયદા :**

૧) જમીનની ફળદ્રુપતાની કથા જેવી કે નાઈટ્રોજન, ફોસ્ફરસ અને પોટાશ તત્વોનું પ્રમાણ પાણી શકાય છે.

૨) જમીનમાં રહેલ દ્રાવ્ય ક્ષારોનું પ્રમાણ જાણી તે પ્રમાણે પાક અને તેની જાતની પસંદગી કરી શકાય છે.

૩) જમીનનો અમ્લતા આંક (પી.એચ.) જાણી શકાય છે.

૪) જમીનની ભૌતિક સ્થિતિ જાણી તેને સુધારણાનાં ઉપાય કરી શકાય છે.

૫) જમીન પૃથ્થકરણના આધારે પાક આયોજન કરી શકાય છે.

૬) ખાતરોનું સમતોલ પણું જાળવી શકાય છે.

૭) જમીનની ભાસ્મિકતાનું પ્રમાણ અને તેને સુધારવા માટે જીપ્સમનું પ્રમાણ જાણી શકાય છે.

૮) જમીનનાજુદા-જુદા લભ્ય પોષક્તત્વોની માત્રા જાણી શકાય છે.

૯) જમીનમાં સેન્દ્રિય કાર્બનનું મહત્વ જાણી શકાય છે.

૧૦) પાકને ખાતરોની જરૂરીયાત નકકી કરી કેટલા પ્રમાણમાં આપવા તે જાણી શકાય છે.

૧૧) જમીનનું બંધારણ, નિતારશક્તિ, ભેજ સંગ્રહશક્તિ જેવા જમીનના ભૌતિક ગુણધર્મો જાણી શકાય છે.

૧૨) ઓછા ઉત્પાદનનું કારણ જાણી શકાય છે.

૧૩) જમીનનાં પૃથ્થકરણનાં અવલોકન માત્રાથી જમીનની ઉત્પાદક્તાનો ખ્યાલ આવે છે.

૧૪) ખાતરની ભલામણ ઉપરાંત ખાતરની પસંદગી, ખાતર આપવાનો સમય અને રીત નકકી થઈ શકે છે.

જમીનનો પ્રતિનિધિત્વ ધરાવતો નમુનો લેતી વખતે ખેડૂતે ક્યાં ક્યાં મુદાઓ ધ્યાનમાં રાખવા જોઈએ :

● જે જગ્યાએથી માટીનો નમુનો લેવાનો હોય તે જગ્યાની સપાટી ઉપરથી ઘાંસ, કચરો દૂર કરવા પરંતુ ઉપરની માટી ક્યારેય ખસેડવી નહીં.

● ખેતરની બીન પ્રતિનિધિત્વ ધરાવતી જગ્યાઓ જેવી કે ખાતરના ઢગલાની નજીકથી, મકાન, રસ્તા, વાડ, પાળા, ઝાડની નીચેથી કે ધોરીયા નજીકથી માટીનો નમુનો લેવો નહી.

● જમીનના પાકના મૂળની ઉંડાઈ પ્રમાણમાં તેટલી ઉડાઈના નમૂના લેવા, સામાન્ય રીતે ૦-૯ ઈંચની ઉંડાઈ સુધીના નમુના લેવા. ઉંડા મૂળવાળા પાક જેવા કે કપાસ, શેરડી વિગેરે માટે ૦-૨૪ ઈંચ સુધીના નમુના લેવા.

● માટીને સૂર્યના તાપમાં સુકવવી નહી પરંતુ છાયામાં સૂકવવીને પ્રથમ પ્લાસ્ટીકની કોથળીમાં નમુનો ભરીને પછી કાપડની કોથળીમાં મુક્યો.

● ચોમાસા દરમ્યાન નમુનો લેવી નહીં.

● સુક્ષ્મ તત્વોના પૃથ્થકરણ માટે ધાતુના કાટવાળા ઓજારોથી નમુનો લેવા નહીં. પરંતુ લાકડાના ઓજારોનો ઉપયોગ કરવો.

જમીનનું પ્રતિનિધિત્વ ધરાવતો નમુનો લેવાની રીતઃ રાસાયણિક પૃથ્થકરણ માટે ખેતરમાંથી જમીનનો યોગ્ય પ્રતિનિધિત્વ ધરાવતો નમુનો લેવાનો મુદ્દો રાસાયણિક પૃથ્થકરણ જેટલો જ મહત્વનો છે કારણ કે જમીન સંબંધી જે કંઈ સલાહ સુચનો આપવામાં આવે છે તે જમીનના નમુનાના પૃથ્થકરણને આધારે અપાય છે. આ નમુનો જે તે ખેતરનું સાચુ પ્રતિનિધિત્વ ધરાવતો હોવો જોઈએ. સામાન્ય રીતે એક હેકટર જમીનની ૧૫ સે.મી. ઉંડાઈ સુધીની માટીનું વજન ૨૨.૪૦ લાખ કિલો પ્રમાણે ગણતરીમાં લેવાય છે. તેમાંથી ફક્ત ૫૦૦ ગ્રામ જેટલી માટીનો નમુનો રાસાયણિક પૃથ્થકરણ માટે પ્રયોગશાળામાં મોકલવાનો થાય છે અને તેમાંથી પણ જે તે તત્વનું પ્રમાણ નક્કી કરવા માટે ૧ ગ્રામથી લઈને ૨૦ ગ્રામ સુધીની માટીની જરૂરીયાત રહેતી હોય તેથી જમીનનો નમુનો કાળજી પૂર્વક લેવો ખૂબ જ જરૂરી છે કે જેથી તેના પૃથ્થકરણની વિગતો સાચી મળી શકે.

૧.. જો ખેતર મોટા હોય તો પાક પદ્ધતિ, જમીનનો ઢાળ, જમીનનો રંગ, પ્રત વગેરે મુદ્દા ધ્યાનમાં લઈને મોટા ખેતરોને નાના-નાના ખેતરમાં વહેંચી નાખવા જોઈએ અને ત્યારબાદ દરેક પેટા ૧૦ થી ૧૨ જગ્યાએથી સર્પાકાર પધ્ધતિ થી નમુનો લઈ એક મિશ્ર નમૂનો તૈયાર કરવો.

૨. જમીનનો નમુનો લેવા માટે ઉપરની જમીન (પાસ) દૂર કર્યા સિવાય ઉપરથી ઘાસ, કાંકરા કે કચરો દૂર કરી અને કોદાળી કે ખૂરપી વડે અંગ્રેજીના "V" આકારનો ખાડો કરવો જાડાઈનું માટીનું દળ ઉપરથી છેક નીચે સુધી ખાડામાં નીચે પાડી તે માટી તગારામાં એકઠી કરવી. આવી જ રીતે ૮ થી ૧૦ સ્થળેથી માટીના નમુના લઈ , બધી માટીને ભેગી કરી સારી રીતે મિશ્રણ કરવું.

૩. જો માટી ભીની હોય તો ઝાડના છાયા નીચે સુકવીને ત્યારબાદ કાપડની પછેડી ઉપર બરાબર પાથરી તેના આંગળીથી ચોકડી મારી ચાર સરખા ભાગ પાડવા (આકૃતિ-૪).

૪. તેમાંથી સામ સામેના બે ભાગની માટી દૂર કરી વધેલા સામ-સામેના બે ભાગની માટી એકત્ર કરવી ૫૦૦ ગ્રામ માટી રહે તે મુજબ

૫. આ રીતે તૈયાર કરેલ મિશ્ર જમીનનો નમુનો પ્રથમ પ્લાસ્ટીકની બેગમાં અને ત્યારબાદ તે કાપડની થેલીમાં મુકી પૃથ્થકરણ માટે તૈયાર કરવો. જો ખેતર મોટા હોય તો દરેક ખંડ માટે આવી રીતે અલગ-અલગ નમુના તૈયાર હોય તો વધુ નમુના લેવા

૬. જમીનની સ્થિતિ અને પ્રકાર મુજબનો નમુનો લેવાના યોગ્ય સાધન (ઓગર) ની પસંદગી કરવી જોઈએ. સામાન્ય રીતે કોશ, કોદાળી, ત્રિકમ, પાવડો અને તગારા જેવા સાધનો ઉપયોગમાં લઈ શકાય છે.

૭. જમીનનો નમુનો લેવા માટે ઉપરની જમીન (પાસ) દૂર કર્યા સિવાય છીછરા મૂળ વાળા પાકોમાં ૬ ઈંચ સુધી, ઊંડા મૂળ વાળા પાકમાં ૯ ઈંચ તેમજ બાગાયતી પાક માટે ૧.૫ ફૂટ સુધી માટી લેવાની છે .

**તલઃ** ● પાનનો સુકારો માટે રોગની શરુઆતમાં પાન ઉપર આછા ભુખરા પાણીપોચાં ચાઠા જોવા મળે છે. રોગનું પ્રમાણ વધતા પાન સુકાવા લાગે છે અને ખરવા માંડે છે. તલની શીંગો ચીમળાઈ જાય છે. દાણા બેસતા નથી. આ રોગની અસર ખાસ કરીને પાકની કુમળી અવસ્થાએ વધુ જોવા મળે છે.

● નિયંત્રણ રોગની શરુઆત જણાય કે તુરંત જ ૩૦ ગ્રામ તાંબાયુકત ફુગનાશક દવા ૧૦ લી. પાણીમાં ઓગાળીને છંટકાવ કરવો ત્યારબાદ ૧૫ દિવસ પછી બીજો છંટકાવ કરવો.

**સજીવ ખેતી :** લાંબા સમયથી ખેતી કરતા ખેડૂતોનો અનુભવ જણાવે છે કે સજીવ પદ્ધતિને સંપૂર્ણ અનુસરી ખેતી કરવાથી ઉત્પાદન ઘટતું નથી ઉલટાનું વધે છે. આ ઘટના આજની આ પરંપરાગત ખેતીમાં ઉત્પાદન વૈશ્વિક લેવલે ઘટી રહ્યાની સામે સજીવપધ્ધતિના અમલના લીધે ઉત્પાદન સ્થિર રહે છે. કારણ કે ઉતરોતર જમીનમાં હ્યુંમસનું પ્રમાણ વધવાને લીધે જમીનની ફળદ્રુપતા અને જમીનની ભૌતિક અને રાસાયણિક સ્થિતિ અનુકુળ બને છે.

**મગ :** ● શીંગ કોરીખાનાર લીલી અથવા ગુલાબી ઈયળ નિયંત્રણ માટે કવીનાલફોસ ૨૦ મીલી દવા ૧૦ લીટર પાણીમાં ભેળવી છંટકાવ કરવો.

**અડદ :**

● મગ, મઠ, અડદ, ગુવાર અને ચોળી પાકોમાં સફેદમાખીનો ઉપદ્રવ જણાય તો લીમડાની લીંબોળીની મીંજનો ભૂકો ૫૦૦ ગ્રામ (૫ ટકા અર્ક) અથવા બીવેરીયા બેસીયાના કે વર્ટીસીલીયમ લેકાની નામની ફુગનો પાઉડર ૪૦ ગ્રામ ૧૦ લીટર પાણીમાં ઉમેરી છંટકાવ કરવો.

**શાકભાજીઃ**

● ડુંગળીની સંગ્રહશક્તિ વધારવા માટે પાન પીળા પડી જાય અને ઉપરની ટોંચનો ભાગ ઢળવા માંડે ત્યારે હાથથી છોડને ખેંચી લેવો. જરૂર પડે તો કોદાળી અથવા પાવડાનો ઉપયોગ કરી ઈજા ન થાય તે રીતે કાઢવા.

● ભીડામાં ડુંખ અને ફળ કોરી ખાનાર ઈયળ નાં નિયંત્રણ માટે ઈમીડાકલોપ્રીડ ૯ મિ.લિ./કિ.ગ્રા. પ્રામાણે

પાણીમાં ભેળવી વાવણીના ૧૨ કલાક પહેલા બીજ માવજત આપવી.

**બાગાયતી પાકોઃ** આંબોઃકેરી ખરી પડવાના કારણો વધુ પ્રમાણમાં ફળો બેસવાના કારણે દરેક ફળને પોષણ પુર પડતુ ન હોવાથી.

પ્રતિકુળ વાતાવરણને કારણે રોગ-જીવાતનો ઉપદ્રવ વધે ત્યારે ફળ ખરણ વધારે જોવા મળે છે.

ફળ વિકાસના બધાજ તબકકાઓ પૈકી નાના ફળના તબકકામાં વધારે પ્રમાણમાં ખરણ જોવા મળે છે.

● પોષકતત્વોની ઉણપને કારણે

● વધુ પડતા પવનના કારણે

● ઓછા પાણી અથવા ભેજનું પ્રમાણ ઘટવાથી

● જમીનમાં ઉડી ખેડના કારણે મૂળ તુટવાથી

● વધુ પડતા નિદામંણને કારણે

● અચોકકસ પરાગનયન ફર્ટીલાઈઝેશનને કારણે.

● મોર અવસ્થાએ વધુ પડતી કીટ નાશક દવાઓ છાંટવાથી.

● વાતાવરણમાં અચાનક ફેરફાર થવાથી જેવા કે તાપમાન, ભેજ અને પવન.

● અંતઃસ્ત્રાવનું પ્રમાણ અનિયમિત થવાથી.

ફળો ખરતા અટકાવવા માટેના જરૂરી ઉપાયો

૧. આંબાવાડીયામાં મધમાખી ઉછેર

૨. પરાગસિચક ઝાડનો સમાવેશ જેમ કે આંબાની એક જ જાતને બદલે એક કરતા વધારે જાત વાવવી.

૩. કાર્બન - નાઈટ્રોજનનું સંતુલન જાળવવું.

૪. અંતસ્ત્રાવનો છંટકાવ

(૧) ફળો વટાણા જેવડા કે તેથી મોટા કદના થાય ત્યારે એન.એ.એ. ૨૦ મી.ગ્રા. પ્રતિ લીટર + ૨ % યુરીયાનું દ્રાવણ એટલે કે ૧૦૦ લીટર પાણીમાં ૨ ગ્રામ એન.એ.એ.+ ૨ કિલો યુરીયા ૨૦ દિવસના અંતરે ૨ વખત છાંટવું.

(૨) જીબ્રીલીક એસીડ ૧૦ મી.ગ્રા. પ્રતિ લીટર + ૨% યુરીયાનું દ્રાવણ એટલે કે ૧૦૦ લીટર પાણીમાં ૧ ગ્રામ જીબ્રીલીક એસીડ + ૨ કિલો યુરીયા એપ્રિલના અંતમાં અને મે માસની શરૂઆતમાં છાંટવું.

(૩) ૧૯-૧૯-૧૯(પોલીફીડી ખાતર) અથવા ૧૩-૦-૪૫(પોટેશીયમ નાઈટ્રેટ) ખાતરો નો ૧ થી ૨ % (૧૦ થી ૨૦ ગ્રામ/લીટર પાણી)નો છંટકાવ કરવાથી કેરી ખરતી અટકાવી શકાય છે અને ફળનું કદ વધારી શકાય છે.

(૪) આંબાવાડીયા ફરતે પવન અવરોધક વાડ બનાવવી. જેના માટે શરૂ અથવા આસોપાલવનું વાવેતર કરી શકાય

**લીંબુઃ** ● પાનકોરીયા અને કાળી માખીના નિયંત્રણ માટે ઈમીડાકલોપ્રીડ ૧૦મિ.લિ.૧૦ લિટર પાણીમાં ભેળવી છંટકાવ કરવો.

● જમીનની સ્વાસ્થ્ય ચકાસણી આધારિત જરૂરી માત્રામાં રાસાયણિક ખાતરનો ઉપયોગ કરવાથી જમીનની તંદુરસ્તી જળવાય છે. મોંઘા રાસાયણિક ખાતર તથા તેઉપરની સરકારી સબસિડીમાં બચત થાય છે.

**ચીકુઃ** ચીકુમાં ફુલ બેસવાની પ્રક્રિયા લગભગ સતત ચાલુ રહેતી હોય છે તથા ૪૦ સે. થી વધુ ગરમ લુ થી ફુલ ખરી પડતા હોવાથી અવરોધક વાડ અને નવી કલમોને વાડોલિયાથી આરક્ષણ આપવું.


**કેળ :** દરિયા કિનારાના સતત પવનથી પાકને સુરક્ષિત રાખવા પવન અવરોધક વાડ કરવી ઉપરાંત કેળનું રોપાણ ઈશાન-નૈઋત્ય દિશામાં કરવું. આ પધ્ધતિથી વાવેતર કરવાથી પવન સોંસરવો નીકળી જશે અને બધા જ છોડને સુર્ય પ્રકાશ પણ એક સરખો મળશે.

**જામફળ :** ફળમાખીના નિયંત્રણ માટે મીથાઈલ યુજીનોલ ટ્રેપનો ઉપયોગ કરવો.



ડો.જી.આર. ગોહિલ, જૂનાગઢ
કૃષિ યુનિવર્સિટી, જૂનાગઢ.
ફોન : ૯૨૭૫૭૦૮૩૪૨

# ઉનાળુ મગફળીમાં સંકલિત રોગ નિયંત્રણ



સ્યુડોમોનાસ ફ્લુરોસન્સ જેવા જૈવીક ઘટક (બાયોકંટ્રોલ એજંન્ટ)ના બીજને વાવતા પહેલા ૧૦ ગ્રામ/કિ.ગ્રા. બીજ દિઠ પટ આપવાથી રોગનું સારૂ નિયંત્રણ થાય છે.

● મગફળી ઉપાડી લીધા બાદ તેને તાત્કાલિક સૂર્યતાપમાં સુકાવવી અને ભેજરહિત જગ્યાએ સંગ્રહ કરવો જેથી ફૂગનો ચેપ લાગે નહિ.

(૨)થડનો કોહવારો અને ડોડવાનો સડો રોગ પ્રેરક અને લક્ષણોઃસ્કેલેરોસીયમ રોલ્ફ્સાઈ નામની ફુગથી થતો આ જમીનજન્ય રોગ છે. ખેડૂતો આ રોગને સફેદ ફૂગના રોગના નામે ઓળખે છે. આ રોગ મગફળી વાવતા બધા જ વિસ્તારોમાં જોવા મળે છે. ભારતમાં ખાસ કરીને આ રોગ ગુજરાત, કર્ણાટક અને મહારાષ્ટ્રમાં વધુ જોવા મળે છે. થળ, મૂળ અને ડોડવામાં થતા નુકસાનને લીધે છોડની સંખ્યામાં ધરખમ ઘટાડો થાય છે.

આ રોગમાં જમીન લગોલગ થડ ઉપર આછા ભૂખરારંગના ધાબા દેખાય છે. જમીનની અંદર રહેલા થડ ઉપર પણ આવા ચિન્હો દેખાય છે. શરૂઆતમાં આવા રોગીષ્ટ છોડ પર જમીન લગોલગ થડ ઉપર સફેદ ફૂગના તાંતણા જોવા મળે છે અને તેમાં ઝીણી ગોળાકાર સફેદરંગની પેશીઓ બને છે. આ સફેદ ફૂગ મગફળીના ડોડવાને પણ લાગે છે અને આના કારણે ડોડવાથી છોડ ઘેરાઈ જાય છે અને છોડ સુકાય જાય છે. ખેતરમાં દુરથી અસરગ્રસ્ત છોડ સુકાતા જોવા મળે છે અને મોટાભાગે મગફળી પાકવાની અવસ્થાએ આ રોગ ઉગ્ર હોય છે.

**નિયંત્રણઃ**

● ઉનાળે ચવડાથી ઊંડી ખેડ કરી આગલા પાકના રોગના અવશેષો અને ફૂગને ઓછામાં ઓછી ૧૦ સે.મી. થી વધારે ઊંડાઈએ દાટી દેવી જોઈએ. ત્યારબાદ ભારે સમાર મારી જમીન ઘડે લાવવી.

● શકય હોય તો વહેલું વાવેતર કરવું. ● શક્ય હોય તો જુવાર,મકાઈ, ડુંગળી જેવા પાક સાથે પાકની ફેરબદલી કરવી. ચાસ દર વર્ષે એકનો એક ન રાખતા બદલવા. ● બિયારણનો દર ભલામણ મુજબનો જ વાપરવો.

● ઈજા પામેલ તેમજ ફોતરી ઉખડી ગયેલ બીજ વાવેતરના ઉપયોગમાં ન લેવા.

● બીજને વાવતા પહેલા એક કિ.ગ્રા. બીજ દિઠ ટેબ્યુકોનેઝોલ૨% ડી.એસ. ૧.૨૫ ગ્રામ અથવા કાર્બોક્ષિન ૩૭.૫% + થાયરમ ૩૭.૫% ડબલ્યુ.એસ. ૩ ગ્રામ અથવા ઈમીડાક્લોપ્રીડ ૧૮.૫% + હેક્ઝાકોનાઝોલ ૧.૫% એફ.એસ. ૨ મિલી અથવાપ્રોક્લોરાઝ ૫.૭% + ટેબ્યુકોનેઝોલ૧.૪%ઈ.એસ. ૦.૩ મિલી દવાનો પટ આપીને વાવેતર કરવુ.

● સંપૂર્ણ સડી ગયેલા સેન્દ્રીય ખાતરો વાપરવા.

● ટ્રાયકોડર્મા ફૂગ આધારિત પાવડર ૨.૫ થી ૪ કી.ગ્રા.૩૦૦-૫૦૦ કી.ગ્રા.એરંડીના ખોળ અથવા છાણીયા ખાતરમાં ભેળવી મગફળી વાવતી વખતે જમીનમાં ભેજ હોય ત્યારે ચાસમાં આપવો.

● ઉભા પાકમાં રોગીષ્ટ છોડ દેખાય કે તરત જ ઉપાડી ત્યાં પગથી જમીન દબાવી દેવી.

● મગફળીના વાવેતર બાદ સમાર મારવો અને અસરગ્રસ્ત વિસ્તારમાં પાળા ચડાવવા નહિ વધારે પડતી આંતરખેડ ન કરવી. મગફળીનાં ટપકાંના રોગથી પાન ખરી પડે તો સફેદ ફૂગને ખોરાક મળે છે અને આ રોગ વધે છે,માટે મગફળીનાં ટપકાંના રોગનાં નિયંત્રણ માટે જરૂરી દવા છંટાવવી.

● જોટ્રાયકોડર્મા કલ્ચર વાવણી સમયે ચાસમાં આપી શકાયેલ ન હોય તો વાવણી બાદ ૩૦ દિવસે ૧ પંપમાં ૫૦ ગ્રામ પ્રમાણે(પંપમાં નોઝલ કાઢી) છોડના મુળની આસપાસ રેડી શકાઈ.

**(૩)મૂળનો સડો**

**રોગ પ્રેરક અને લક્ષણોઃ** સામાન્ય રીતે મગફળીના વાવેતરના લગભગ બે મહિના પછી મૂળના સડાનો રોગ જોવા મળે છે. મેક્રોફોમીના ફેઝીઓલીના નામની ફુગથી થતો આ રોગ જમીનનું તાપમાન વધતા મૂળમાં ચેપ લગાડે છે. જે મુળની ઉપર થડ તરફ અને મુળની નીચેની તરફ ફેલાય છે.

રોગ લાગેલા મુળની છાલ ભૂખરી કાળા રંગની થઈ જાય છે. રોગના લક્ષણો સૂયા તેમજ ડોડવાની અંદર અને બહાર પણ જોવા મળે છે.રોગ જયારે ઉગ્ર સ્વરૂપમાં આવેતો સંપૂર્ણછોડ સુકાય જાય છે.

**નિયંત્રણઃ**

● ઉનાળામાં ઉંડી ખેડ કરવી

● પુરતા પ્રમાણમાં ખાતર, પિયત અને પાક સંરક્ષણના પગલાઓથી છોડનો વિકાસ સારો થતા રોગની માત્રા ઘટે છે.

●કાપણી સમયે ડોડવાઓને ઈજા ન થાય તેનું ધ્યાન રાખવું.

● પુરતા પ્રમાણમાં પિયત આપવાથી જમીનનું તાપમાન ઘટતા આ રોગ પર કાબુ મેળવી શકાઈ છે.

(૪)અગ્રકાલિકાનો સુકારો

રોગ પ્રેરક અને લક્ષણોઃ વિષાણુંથી થતા આ રોગની શરૂઆતમાં અગ્રકાલિકા પીળી પડી સુકાવા લાગે છે. પાછળથી છોડના કુમળા પાન અને કલીકાઓ પીળી પડે છે અને સુકાવા લાગે છે. છોડના પાન વિકૃત બને છે અને થડ પાસે અસંખ્ય કક્ષકાલીકાઓ નીકળે છે. રોગની ઉગ્ર અવસ્થામાં આખો છોડ સુકાય જાય છે. ઉનાળુ મગફળીનાં વાવેતરમાં આ રોગ વધુ પ્રમાણમાં જોવા મળે છે.

**નિયંત્રણઃ**

● મગફળીના પાકનું યોગ્ય સમયે વાવેતર કરવું શક્ય હોય તો વહેલું વાવેતર કરવું.

● આ રોગ થ્રીપ્સ મારફતે ફેલાતો હોવાથી તેમના નિયંત્રણ માટેશોષક પ્રકારની કીટનાશક દવાઓનો શરૂઆતથી જ જરૂર મુજબ છંટકાવ કરવો.

● રોગ પ્રતિકારક જાતોનું વાવેતરકરવું.

● નીંદણનું સમયસર નિયંત્રણ કરવું.

●બાજરા, જુવાર કે મકાઈ જેવા પાકો સાથે પાકની ફેરબદલી કરવી.

૫) અલ્ટરનેરિયા ફુગથી થતો પાનનો સુકારો

રોગ પ્રેરક અને લક્ષણોઃઆ રોગ અલ્ટરનેરિયા નામની ફુગથી થઈ છે.ઉનાળું મગફળીના વાવેતરમાં આ રોગ ખુબ જ મોટા પ્રમાણમાં જોવા મળે છે.આ રોગની શરૂઆતમાં પાનની બને બાજુએ પર ભૂખરા રંગના અનિયમિત આકારના ટપકાં પડે છે જેનીફરતે પીળી કિનારી જોવા મળે છે. રોગની ઉગ્રતા વધતા આવા ટપકાં ભેગા થતા પાન સુકાઈને ખરી પડે છે.

**નિયંત્રણઃ**

● આ રોગના નિયંત્રણ માટે કાર્બેન્ડાઝીમ૧૨% + મેન્કોઝેબ ૬૩% ડબલ્યુ.પી.૧૦ગ્રામ પ્રતિ ૧૦ લીટર પાણીમાં ઓગળી રોગના લક્ષણો દેખાય કે તુરત જ છંટકાવ કરવાથી રોગનું પ્રમાણ આગળ વધતું અટકાવી શકાય છે. ત્યારબાદ જરૂર જણાય તો બીજા બે છંટકાવ ૧૦ દિવસનાં અંતરે કરવા.

● ઉનાળામાં ઊંડી ખેડ કરી, પાકના રોગીષ્ટ અવશેષોનો નાશ કરવો.

૬) અફલાટુટ : રોગ પ્રેરક અને લક્ષણોઃખેતરમાં ડોડવા પાકવાની અવસ્થામાં હોય ત્યારે તેમજ બીજ ભેજવાળા હોય તો સંગ્રહ દરમ્યાન એસ્પરજીલસ ફ્લેવસ નામની ફૂગ બીજમાં દાખલ થઈ જાય છે અને આવા બીજ વાવેતર માટે ઉપયોગમાં લેતા તેમાં અફલાટુટ રોગ જોવા મળે છે. આ રોગમાં રોગીષ્ટ છોડ ઠીંગણો રહી જઈ છે. પાન લાંબા અણીવાળા બની જઈ છે અને આવા છોડ બે મહિના સુધી જીવંત રહી છેવટે સુકાઈ જાય છે. આ ફૂગ ને કારણે ઘણીવાર દાણામાં અફલાટોકસીન નામનું ઝેર પેદાથાય છે જેનાથી મનુષ્ય અને પ્રાણીઓમાં હિપેટાઈટસ–"બી" જેવો રોગ થાય છે. આ ઝેરને કારણે આપણી મગફળીનો વિદેશમાં નિકાસ અટકે છે.

**નિયંત્રણઃ** ● શકય હોય તો વહેલું વાવેતર અને પાકની ફેરબદલી કરવી.

● વાવણી વખતે ઈજા પામેલ અને ફૂગવાળા દાણા અલગ કાઢી તંદુરસ્ત બીજ વાવેતર માટે વાપરવું.

● બીજને ફૂગનાશક દવાનો અગાઉ જણાવ્યા મુજબ પટ આપી વાવેતર કરવું.

● આંતરખેડ દરમ્યાન છોડને નુકસાન ન થાય તેની કાળજી રાખવી.

● કાપણીની અવસ્થાએ જો જમીનમાં ભેજની ઉણપ ફોય તો છેલ્લા ૨૦-૨૫ દિવસ અગાઉ હલકું પિયત આપવું જોઈએ.

● મગફળીનાં ડોડવા અને દાણામાં ૮ ટકાથી ઓછો ભેજ રહે તે મુજબ સુકવીને ભેજ મુકત જગ્યાએ સંગ્રહ કરવો.

ડો.ચિરાગકુમાર.એમ.ભાલીયા અને ઉર્જાભીમાણી
વરિષ્ઠ વૈજ્ઞાનિક (વનસ્પતિ રોગશાસ્ત્ર) પાકસંરક્ષણ વિભાગ, આઈ.સી.એ.આર.- ભારતીય મગફળી સંશોધન સંસ્થા, જુનાગઢ-૩૬૨ ૦૧૫

# રાષ્ટ્રપતિનું અપમાન: પીએમ મોદીએ મમતા સરકારની આકરી ટીકા કરી

નવીદિલ્હી,તા.૮



પશ્ચિમ બંગાળની મુલાકાતે આવેલા રાષ્ટ્રપતિ દ્રૌપદી મૂર્મુના સ્વાગતમાં મુખ્યમંત્રી મમતા બેનર્જીની ગેરહાજરી મુદ્દે વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ આકરા પ્રહાર કર્યા છે. પીએમ મોદીએ સોશિયલ મીડિયા પર જણાવ્યું કે, 'ટીએમસી સરકારે રાષ્ટ્રપતિનું અપમાન કરીને તમામ હદ પાર કરી દીધી છે. રાષ્ટ્રપતિનું પદ રાજકારણથી પર છે અને તેની ગરિમાનું સન્માન જળવાવું જોઈએ.' રાષ્ટ્રપતિ મૂર્મુએ સિલિગુડીમાં 'આંતરરાષ્ટ્રીય સંથાલ સંમેલન'નું ઉદ્ઘાટન કર્યું હતું. જોકે, વહીવટીતંત્રે અંતિમ સમયે કાર્યક્રમનું સ્થળ બદલી નાખતા રાષ્ટ્રપતિએ નારાજગી વ્યક્ત કરી હતી.

તેમણે જણાવ્યું કે, સ્થળ દૂર હોવાને કારણે અનેક લોકો હાજરી આપી શક્યા નથી, જે અત્યંત દુ:ખદ છે. પોતાના સંબોધનમાં તેમણે ભાવુકતા સાથે ઉમેર્યું કે, 'હું પણ બંગાળની દિકરી છું અને મમતા દીદી મારી નાની બહેન સમાન છે. મને ખબર નથી કે તેઓ મારાથી કેમ નારાજ છે, પરંતુ પ્રોટોકોલ મુજબ મુખ્યમંત્રી કે મંત્રીઓએ હાજર રહેવું જોઈતું હતું. આ ઘટનાએ હવે બંગાળમાં રાજકીય ગરમાવો લાવી દીધો છે.

# મધ્ય-પૂર્વમાં વધી રહેલા તણાવને પગલે વૈશ્વિક અર્થતંત્ર પર તોળાતું મોટું સંકટ

ઈરાન,તા.૮



મધ્ય-પૂર્વમાં વધી રહેલા તણાવને પગલે વૈશ્વિક અર્થતંત્ર પર મોટું સંકટ તોળાઈ રહ્યું છે. સ્કોટલેન્ડની સંસ્થા 'વૂડ મેકેન્ઝી'ના રિપોર્ટ અનુસાર, જો આ યુધ્ધ આગામી એક સપ્તાહ ચાલુ રહેશે, તો વિશ્વ ૧૯૨૯ જેવી 'ગ્રેટ ડિપ્રેશન' (મહામંદી) માં પ્રવેશી શકે છે. હાર્મુઝની સામુદ્રધુનીમાં અવરોધ સર્જાતા ક્રૂડ ઓઈલના ભાવ $૧૫૦ થી $૨૦૦ પ્રતિ બેરલ સુધી પહોંચવાની આશંકા છે, જેનાથી વિશ્વનો જીડીપી (GDP) દર ૨%ની નીચે જઈ શકે છે.

યુદ્ધના કારણે અત્યાર સુધીમાં વૈશ્વિક શેરબજારોમાંથી $૩.૨ ટ્રિલિયન ધોવાઈ ગયા છે. ઈરાન, લેબનાન અને ઈઝરાયેલમાં જાનહાનિનો આંકડો સતત વધી રહ્યો છે. ગેસના ભાવમાં ૧૩૦% સુધીનો ઉછાળો આવવાની અને ભારત, ચીન જેવા દેશોની ઊર્જા સુરક્ષા જોખમમાં મુકાવવાની શક્યતા છે. જો આ સંઘર્ષ વહેલી તકે નહીં અટકે, તો મોંઘવારી અને બેરોજગારીનો નવો રાઉન્ડ વિશ્વભરમાં આર્થિક સુનામી લાવી શકે છે. છેલ્લા એક સપ્તાહમાં ઈરાનમાં ૧,૨૩૦ લોકોના મોત થયા છે અને ૫,૦૦૦થી વધુ ઘાયલ છે.

# દાણીલીમડા: પાર્ક કરેલા કન્ટેનરમાંથી ડિઝલ ચોરનાર શખ્સ ઝડપાયો

અમદાવાદ,તા.૦૮

અમદાવાદના દાણીલીમડા વિસ્તારમાં રોડ સાઈડ પાર્ક કરેલા કન્ટેનરમાંથી ડીઝલ ચોરી કરનાર શખ્સને પોલીસે ૧૭૦ લિટર ડીઝલ સાથે ઝડપી પાડ્યો છે. હરિયાણાના ડ્રાઈવર ઈમરાન પઠાણે આ અંગે ફરિયાદ નોંધાવી હતી. ઘટના મુજબ, ૬ માર્ચ ૨૦૨૬ની રાત્રે બહેરામપુરાના ગુલાબનગર રોડ પાસે પાર્ક કરેલા કન્ટેનરની ટાંકીનું લોક તોડી અજાણ્યા તસ્કરો આશરે રૂ.૧૫,૦૦૦ની કિંમતનું ડિઝલ ચોરી ગયા હતા. દાણીલીમડા પોલીસ ઈન્સ્પેક્ટરે બાતમીના આધારે ફૈસલપાર્કમાં રહેતા શોએબ પઠાણ નામના વ્યક્તિની ધરપકડ કરી છે. આરોપી જ્યારે ચોરાયેલું ડિઝલ વેચવા જઈ રહ્યો હતો, ત્યારે જ પોલીસે તેને દબોચી લીધો હતો. પોલીસે ચોરાયેલું તમામ ડિઝલ કબજે કરી ભારતીય નાગરિક સુરક્ષા સંહિતાની કલમ ૩૦૩(૨) હેઠળ ગુનો નોંધી આગળની કાર્યવાહી હાથ ધરી છે.

# વિજપડીમાં હોલિકા દહન પર્વની શાનદાર ઉજવણી કરવામાં આવી

વિજપડી,તા.૦૮

વિજપડી ગામે સામૂહિક તહેવારને જીવંત રાખવાના ઉમદા હેતુથી સમગ્ર ગ્રામજનો દ્વારા હોલિકા દહનનો ઉત્સવ ભવ્ય રીતે ઉજવવામાં આવ્યો હતો. આ વર્ષે ૫૦ મણ લાકડા અને ગાયના છાણાનો ઉપયોગ કરીને તૈયાર કરવામાં આવેલી હોળી આકર્ષણનું કેન્દ્ર બની હતી. આ વિશાળ હોળીમાં કિશોરદાદા ત્રિવેદી દ્વારા શાસ્ત્રોક્ત મંત્રોચ્ચાર સાથે નવા ધાન્યની આહુતિ આપવામાં આવી હતી અને સેવાભાવીઓના હસ્તે વૈદિક મંત્રોચ્ચાર સાથે હોળી પ્રગટાવવામાં આવી હતી. શુભ મુહૂર્તમાં મોટી સંખ્યામાં ઉમટી પડેલા ભાવિકો, માતાઓ અને બહેનોએ હોલિકાને ધાણી, મમરા, ખજૂર, કાળા તલ અને શ્રીફળ જેવી વસ્તુઓથી વધાવી હતી તથા માતાજીની જય બોલાવી આનંદપૂર્વક પ્રદક્ષિણા કરી હતી.

આ અવસરે નોંધવામાં આવ્યું હતું કે હોળીની ઝાળ ઉત્તર-પશ્ચિમ દિશા તરફ હોવાથી આ વર્ષે સમગ્ર ગુજરાતમાં ચોમાસું ખૂબ જ સારું રહેશે. આ તહેવાર માત્ર પરંપરા નથી, પરંતુ સંબંધોને રીચાર્જ કરવાની, મનને સક્રિય કરવાની અને પરિવાર તથા મિત્રો સાથે મળીને માનસિક સ્વાસ્થ્ય અને ખુશી વધારવાની એક તક છે. આ સામૂહિક આયોજનને સફળ બનાવવા માટે માધવ સેવા ટ્રસ્ટના બાલાભાઈ જોગરાણા, ભાવેશભાઈ લાકુમોર, અશોકભાઈ કાતરીયા, વિજય ચાવડા તેમજ સરપંચ ભરતભાઈ ગીગૈયા, મોહનભાઈ, ગોઢડીયા પરિવાર, સ્થાનિક વેપારીઓ અને આણેપાના યુવા મિત્રોએ તન, મન અને ધનથી સહયોગ આપ્યો હતો. લોકોએ આ સુંદર કામગીરીને બિરદાવી હતી અને ઉત્સાહભેર તહેવારની ઉજવણી સંપન્ન થઈ હતી.

# યુધ્ધ વચ્ચે પણ સોના-ચાંદીમાં કડાકો: ચાંદી રૂ.૧.૫૧ લાખ અને સોનું રૂ.૩૧,૦૦૦ સસ્તું

મુંબઈ,તા.૦૮

મિડલ ઈસ્ટમાં અમેરિકા, ઈઝરાયેલ અને ઈરાન વચ્ચે ચાલી રહેલા યુદ્ધના તણાવ વચ્ચે પણ સોના-ચાંદીના ભાવમાં મોટો ઘટાડો જોવા મળ્યો છે. સામાન્ય રીતે અસ્થિરતામાં ભાવ વધતા હોય છે, પરંતુ આ વખતે બજારમાં 'ઉલટી ગંગા' વહી રહી છે. ચાંદીના ભાવમાં છેલ્લા એક અઠવાડિયામાં રૂ.૧૪,૦૭૫નો ઘટાડો થયો છે. ગત ૨૯ જાન્યુઆરીએ ચાંદી રૂ.૪,૨૦,૦૪૮ની ઓલ ટાઈમ હાઈ સપાટીએ હતી, જે હવે તેના ઉચ્ચ સ્તરથી રૂ.૧,૫૧,૪૭૯ જેટલી સસ્તી મળી રહી છે. સોનાની વાત કરીએ તો, તે પણ તેના સર્વોચ્ચ સ્તર રૂ.૧,૯૩,૦૯૬ થી અત્યારે રૂ.૩૧,૪૨૧ જેટલું નીચે ટ્રેડ કરી રહ્યું છે.નિષ્ણાતો આ ઘટાડા પાછળ 'પ્રોફિટ બુકિંગ'ને મુખ્ય કારણ માની રહ્યા છે. રોકાણકારો કટોકટીના સમયે નફો વસૂલીને પોતાની પાસે રોકડ રાખવાનું વધુ પસંદ કરી રહ્યા છે, જેના કારણે કિંમતી ધાતુઓના ભાવમાં નરમાઈ જોવા મળી છે.

# મહારાષ્ટ્ર બજેટ: ખેડૂતોની રૂ. ૨ લાખ સુધીની લોન માફી સહિત અનેક કલ્યાણકારી યોજનાઓની જાહેરાત

મુંબઈ,તા.૦૮



મહારાષ્ટ્રના મુખ્યમંત્રી અને નાણામંત્રી દેવેન્દ્ર ફડણવીસે વર્ષ ૨૦૨૬-૨૭ માટે રૂ.૭.૬૯ લાખ કરોડનું ઐતિહાસિક બજેટ રજૂ કર્યું છે. આ બજેટની સૌથી મોટી જાહેરાત ખેડૂતો માટે છે, જેમાં ૩૦ સપ્ટેમ્બર ૨૦૨૫ સુધીની રૂ.૨ લાખ સુધીની કૃષિ લોન માફ કરવાની જાહેરાત કરવામાં આવી છે. 'પુણ્યશ્લોક અહિલ્યાદેવી હોલકર શેતકરી કર્જમાફી યોજના' હેઠળ નિયમિત લોન ભરનારા ખેડૂતોને રૂ.૫૦,૦૦૦નું પ્રોત્સાહન પણ આપવામાં આવશે. બજેટમાં મહિલા સશક્તિકરણ પર ભાર મૂકતા 'લાડકી બહેન યોજના'ને ચાલુ રાખવાનો નિર્ણય લેવાયો છે, જે અંતર્ગત ગરીબ મહિલાઓને દર મહિને રૂ.૧,૫૦૦ મળતા રહેશે. આ ઉપરાંત, નાગપુરમાં ફિલ્મ સિટીનું નિર્માણ અને બુલેટ ટ્રેન સ્ટેશનોની આસપાસ વિકાસ કાર્યોની જાહેરાત કરવામાં આવી છે. ફડણવીસે સ્વર્ગસ્થ અજિત પવારને યાદ કરી તેમના નામે સ્મારક અને એવોર્ડ શરૂ કરવાની પણ ઘોષણા કરી હતી. તેમણે વિશ્વાસ વ્યક્ત કર્યો કે ૨૦૪૭ સુધીમાં મહારાષ્ટ્ર ૫ ટ્રિલિયન ડોલરનું અર્થતંત્ર બનશે.

# લીલીયા પોલીસે બિનકાયદેસર દેશી બાવળના લાકડાં ભરેલું આઈસર ઝડપી પાડ્યું

લીલીયા, તા.૮

અમરેલી જિલ્લાના લીલીયા તાલુકામાં પોલીસ દ્વારા નાઈટ પેટ્રોલિંગ દરમિયાન બિનકાયદેસર રીતે કાપવામાં આવેલા દેશી બાવળના લાકડાં ભરેલું આઈસર ટ્રક ઝડપી પાડવામાં આવ્યું છે. બૃહદ ગીર વિસ્તારમાં આવેલા વાઘણીયા, ટીબડી, ભોરીંગડા અને ક્રાંકચ આસપાસના વિસ્તારોમાં છેલ્લા કેટલાક સમયથી સરકારી પડતર, ખરાબો અને ગૌચર જમીનમાં ગાંડા બાવળની આડમાં દેશી કુળના વૃક્ષો કાપવાની પ્રવૃત્તિ વધી રહી હોવાની સ્થાનિક લોકો દ્વારા રજૂઆત કરવામાં આવી રહી હતી.

ગઈ રાત્રે પી.આઈ. એમ. ડી. સાળુંકેની સૂચના અને પી.એસ.આઈ. વાય.એમ. જાડેજાના માર્ગદર્શન હેઠળ પોલીસ કર્મીઓ મહેશભાઈ ચૌહાણ અને અમીનભાઈ જુણેજા પેટ્રોલિંગમાં હતા. ત્યારે મળેલી ચોક્કસ બાતમીના આધારે ભોરીંગડા-લીલીયા માર્ગ પર આઈસર (નં. GJ ૧૪ Z ૪૪૧૮) રોકી તપાસ કરતાં તેમાં અંદાજે ૯ ટન દેશી બાવળના લાકડાં મળી આવ્યા હતા.

પોલીસે લાકડાંની કિંમત રૂ. ૪૫ હજાર અને ટ્રક કિંમત રૂ. ૪ લાખ મળી કુલ રૂ. ૪.૪૫ લાખનો મુદ્દામાલ જપ્ત કરી આગળની કાર્યવાહી હાથ ધરી છે. કાર્યવાહી દરમિયાન પોલીસ કર્મી ભુજબલદાન ગઢવી, સંજયભાઈ ઈટાલિયા, પંકજભાઈ બગડા અને સંજયભાઈ ધાંધલે સહભાગી રહ્યા હતા.

# અંબાણી પરિવારે ફિનલેન્ડના રાષ્ટ્રપતિ અલેક્ઝાન્ડર સ્ટબનું કર્યું ભવ્ય સ્વાગત

મુંબઈ,તા.૦૮



ભારતની સત્તાવાર મુલાકાતે આવેલા ફિનલેન્ડના રાષ્ટ્રપતિ અલેક્ઝાન્ડર સ્ટબનું મુંબઈમાં અંબાણી પરિવાર દ્વારા ઉષ્માભર્યું સ્વાગત કરવામાં આવ્યું હતું. રિલાયન્સ ઈન્ડસ્ટ્રીઝના ચેરમેન મુકેશ અંબાણી અને અનંત અંબાણીએ રાષ્ટ્રપતિને પોતાના નિવાસસ્થાને આવકારી ભારતીય સંસ્કૃતિ મુજબ આતિથ્ય સત્કાર કર્યો હતો. આ મુલાકાત દરમિયાન બંને પક્ષો વચ્ચે ભારત અને ફિનલેન્ડના સંબંધોને મજબૂત કરવા તેમજ પરસ્પર સહકાર વધારવા અંગે સકારાત્મક ચર્ચા થઈ હતી. આ પ્રસંગે રાષ્ટ્રપતિએ ભારતીય મહેમાન નવાજીનો અનોખો અનુભવ કર્યો હતો.

# ઉના તાલુકાના નાંદરખમાં દારૂ વેચાણ રોકવા ગયેલી પોલીસ સાથે ઝપાઝપી

ઉના, તા.૦૮



ઉના તાલુકાના નાંદરખ ગામમાં દારૂનું વેચાણ બંધ કરાવવા ગયેલી પોલીસ ટીમ પર હુમલો થયો હતો. આ ઘટનામાં ફરજમાં રુકાવટ અને જાતિવાચક અપશબ્દો બોલવા બદલ મહિલાઓ સહિત પાંચ લોકો સામે ગુનો નોંધવામાં આવ્યો હતો. જિલ્લા કંટ્રોલ રૂમમાં નાંદરખ ગામના અનિરુદ્ધસિંહે દારૂના વેચાણ અંગે જાણ કરતા સનખડા આઉટપોસ્ટના ASI પરસોતમભાઈ ખુમાણ અને પોલીસ કોન્સ્ટેબલ અક્ષયભાઈ જાની ઘટનાસ્થળે પહોંચ્યા હતા. પોલીસ દારૂ વેચાણના સ્થળે પહોંચે તે પહેલા અનિરુદ્ધસિંહ કરણસિંહ ગોહિલ, અજીતસિંહ કરણસિંહ ગોહિલ, અજીતસિંહના પત્ની દક્ષાબા, વંદનાબા અને અજીતસિંહની માતા જેમબા સહિત પાંચ શખ્સોએ પોલીસ સાથે ઝપાઝપી કરી હતી. આરોપીઓએ જણાવેલ કે અમારા વિસ્તારમાં અનુસુચિત સમાજ ના લોકો દારૂ પીવા આવવા ના જોઈએ તે સમયે ASI પરસોતમભાઈએ પોતે પણ તે જ જ્ઞાતિના હોવાનું જણાવી આવા શબ્દો ન બોલવા વિનંતી કરી હતી, પરંતુ આરોપીઓ વધુ ઉશ્કેરાયા હતા. અનિરુદ્ધસિંહ અને અજીતસિંહે ફરજ પરના પોલીસકર્મીનો કોલર પકડી બિભત્સ ગાળો આપી હતી. કોન્સ્ટેબલ અક્ષયભાઈને પણ અપશબ્દો બોલવામાં આવ્યા હતા. ત્યારબાદ દક્ષાબા, વંદનાબા અને જેમબાએ પોલીસની હાજરીમાં ધમકી આપી હતી કે, 'કયો પોલીસવાળો અમારા ગામમાં પગ મૂકે છે અને અમને લેવા આવે છે, તેને અમે જોઈ લઈશું' તેમ કહ્યું હતું. આ ઘટનામાં ફરજમાં રુકાવટ ઊભી કરવામાં આવી હતી.

# ચલાલામાં યુવતીને આજે જીવતી જવા દેવી નથી તેમ કહીને જાનથી મારી નાખવાની ધમકી આપી

ચલાલા, તા.૦૮

ચલાલામાં એક યુવતીને આજે જીવતી જવા દેવી નથી તેમ કહીને જાનથી મારી નાખવાની ધમકી આપી હતી. બનાવ સંદર્ભે મોટા સમઢીયાળા ગામે રહેતા અશ્મીતાબેન દેવશીભાઇ દાફડા (ઉ.વ.૧૯)એ ધારીના વાવડી ગામના રઘુ રામ વાળા સામે ફરિયાદ નોંધાવી હતી. તેઓ તથા સાહેદ હેપીબેન કાળુભાઇ દાફડા અમરેલી ગોળ દવાખાને (રાધિકા હોસ્પીટલ) માં ANM નર્સિંગ કોલેજ કરતા હતા. પોતાના ગામેથી રોજરોજ એસટી બસમા અપડાઉન કરતા હતા. ત્રણ દિવસ પહેલા સાંજના આશરે સાડા સાતેક વાગ્યે ચલાલા બસ સ્ટેશન ખાતે પોતાના ઘરે મોટા સમઢીયાળા ગામે જવા માટે બાકેડ બેઠા હતા તે વખતે આરોપી રઘુ વાળા રામ વાળા વાવડી ગામનો વ્યકિત તેમની તથા સાહેદની આગળ પાછળ આંટા ફેરા મારીને ગંદા ગંદા ઈશારા કરતો હતો. તેમજ સાહેદના બહેન છાતીના ઉપરના ભાગે ટચ કરી, તેમને તથા સાહેદને જેમ ફાવે તેમ ગંદી, ભુંડી ગાળો આપી જાનથી મારી નાખવાની ધમકી આપી હતી.

# ગીરગઢડાના વડવિયાળા હાઈસ્કૂલમાં સાયબર જાગૃતિ કાર્યક્રમ યોજાયો

**વિદ્યાર્થીઓ અને શિક્ષકોને સાયબર ફ્રોડથી બચવા અંગે માર્ગદર્શન અપાયું**

ગીર ગઢડા, તા.૦૮



ગીર ગઢડા તાલુકાના વડવિયાળા ગામમાં આવેલી જયશંકર એન. ઠાકર હાઈસ્કૂલમાં સાયબર જાગૃતિ કાર્યક્રમ યોજાયો હતો. ગીર ગઢડાના પી.આઈ. નાનજી વાઘેલા અને સાયબર નિષ્ણાતો દ્વારા આ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. શાળાના સભાખંડમાં યોજાયેલા આ કાર્યક્રમમાં વિદ્યાર્થીઓ અને શિક્ષકોને વર્તમાન ડિજિટલ યુગમાં સાયબર ફ્રોડથી બચવા અંગે માર્ગદર્શન અપાયું હતું. તેમને સમજાવવામાં આવ્યું કે મોબાઈલ પર આવતા ફોનમાં કોઈ ઓટીપી કે પરિવારની અંગત માહિતી માંગે તો ક્યારેય આપવી નહીં. સાયબર નિષ્ણાતોએ સ્પષ્ટ કર્યું કે 'ડિજિટલ એરેસ્ટ' જેવી કોઈ વસ્તુ અસ્તિત્વમાં નથી. જો કોઈ સાયબર ફ્રોડનો ભોગ બને, તો તાત્કાલિક ૧૯૩૦ હેલ્પલાઈન પર કોલ કરીને ફરિયાદ નોંધાવવા પણ સૂચના અપાઈ હતી.

# ઉનાના પાલડી ગામે રૂ. ૧૦ લાખના ખર્ચે નવનિર્માણ થયેલ કોમ્યુનિટી હોલની ધારાસભ્ય કાળુભાઈ રાઠોડે સમીક્ષા કરી

ઉના,તા.૦૮



ઉના તાલુકાના પાલડી ગામે સાંસદસભ્ય રાજેશભાઈ ચુડાસમાની ગ્રાન્ટમાંથી મંજૂર થયેલ રૂ. ૫ લાખ તેમજ ધારાસભ્ય કાળુભાઈ રાઠોડની ગ્રાન્ટમાંથી મંજૂર થયેલ રૂ. ૫ લાખ આમ કુલ રૂ. ૧૦ લાખના ખર્ચે નવનિર્માણ થયેલ કોમ્યુનિટી હોલના કામનું નિરીક્ષણ ઉનાના સક્રિય ધારાસભ્ય કાળુભાઈ રાઠોડે કર્યું હતું. ધારાસભ્યએ કોમ્યુનિટી હોલનું નિરીક્ષણ કર્યા બાદ આ કોમ્યુનિટી હૉલની જાળવણી કરવા માટે સરપંચ તેમજ આગેવાનો અને ગ્રામજનોને જણાવ્યું હતું. આ તકે તેઓની સાથે પૂર્વ તાલુકા પંચાયતના પ્રમુખ વિરાભાઈ સોલંકી, સરપંચ મનુભાઈ વાઘેલા, પૂર્વ સરપંચ રાણાભાઈ, ગ્રામ પંચાયતના સદસ્યો, આગેવાનો, યુવાનો અને ગ્રામજનો ઉપસ્થિત રહ્યા હતા.

# ગાંધીનગરમાં પડતર માંગણીઓ મુદ્દે આશા વર્કરોનો હલ્લાબોલ: ૧૦૦થી વધુની અટકાયત



ગાંધીનગર, તા.૦૮

ગુજરાતની પાયાની આરોગ્ય સેવાઓ સંભાળતી ૧.૪૦ લાખ આશા વર્કર અને આંગણવાડી બહેનોએ પડતર પ્રશ્નો મુદ્દે સરકાર સામે મોરચો માંડ્યો છે. ગાંધીનગર સત્યાગ્રહ છાવણી ખાતે વિરોધ પ્રદર્શન દરમિયાન પોલીસે આગેવાન ચંદ્રિકા સોલંકી સહિત ૧૦૦થી વધુ મહિલાઓની અટકાયત કરી હતી.

બહેનોનો મુખ્ય આક્રોશ વર્ષ ૨૦૨૨માં વચન અપાયેલા નવા મોબાઈલ ફોન ન મળવા અને ખામીયુક્ત ઓનલાઈન કામગીરી સામે છે. નબળી એપ્લિકેશન અને નેટવર્કના અભાવે ડેટા એન્ટ્રીમાં મુશ્કેલી પડતા ૮૦% બહેનોએ ઓનલાઈન કામગીરીનો બહિષ્કાર કર્યો છે. હાઈકોર્ટના આદેશો છતાં પગાર વધારો ન મળતા બહેનોમાં ભારે રોષ છે. જો ૧૨ મુખ્ય માંગણીઓ નહીં સંતોષાય તો આગામી દિવસોમાં રાજ્યવ્યાપી અચોક્કસ મુદતની હડતાલની ચીમકી ઉચ્ચારવામાં આવી છે.

**ધારાસભ્ય જનક તળાવીયાની હાજરીમાં સરકારી કાર્યક્રમ દરમિયાન**

# દામનગરમાં શહેર ભાજપ મહામંત્રી પર ભાજપ આગેવાનનો હુમલો

**આંતરિક જૂથબંધી હોવાનુ ભાજપ કાર્યકરોમાં ચર્ચા**

દામનગર,તા.૦૮

દામનગર શહેરમાં ભાજપની આંતરિક જૂથબંધી જાહેરમાં આવતા ભારે ચકચાર મચી ગઈ છે.

ધારાસભ્ય જનકભાઈ તળાવિયાની ઉપસ્થિતિમાં આયોજિત ખાતમુહૂર્તના એક સરકારી કાર્યક્રમ દરમિયાન અચાનક જ હુમલો થયો હતો.



આ ઘટનામાં દામનગર શહેર ભાજપના મહામંત્રી પ્રકાશભાઈ તજા પર ઘાતક હથિયારો વડે હિંસક હુમલો કરવામાં આવ્યો હતો જેના કારણે સ્થળ પર હાજર કાર્યકરોમાં ભારે નાસભાગ અને અફરાતફરીનો માહોલ સર્જાયો હતો. હુમલામાં ગંભીર રીતે ઈજાગ્રસ્ત થયેલા પ્રકાશ તજાને તાત્કાલિક સારવાર અર્થે ભાવનગરની હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા છે. ચોંકાવનારી વિગત એ છે કે હુમલો કરનાર વ્યક્તિ પણ ભાજપ સાથે જોડાયેલ છે. ભાજપના કાર્યકર હીરાભાઈ નવાપરાએ આ હુમલો કર્યો હોવાનું સામે આવ્યું છે. સત્તાધારી પક્ષના જ બે જૂથો વચ્ચે થયેલી આ અથડામણને પગલે રાજકીય આલમમાં ગરમાવો આવી ગયો છે. હાલમાં અમરેલી એસ.પી. સંજય ખરાત આ સમગ્ર મામલા પર સીધું મોનિટરિંગ કરી રહ્યા છે અને દામનગર પોલીસ દ્વારા હુમલાખોરોને પકડવા માટે તપાસનો ધમધમાટ તેજ કરવામાં આવ્યો છે.

# ગેસ સિલિન્ડરના ભાવમાં વધારો થતા મહિલા કોંગ્રેસનો વિરોધ



અમદાવાદ,તા.૦૮

કેન્દ્ર સરકાર દ્વારા ઘરેલું ગેસ સિલિન્ડરના ભાવમાં ૬૦ રૂપિયાનો તોતિંગ વધારો ઝીંકવામાં આવતા સામાન્ય પરિવારો અને ગૃહિણીઓનું બજેટ સંપૂર્ણપણે ખોરવાઈ ગયું છે. આ ભાવ વધારાના વિરોધમાં ગુજરાત મહિલા કોંગ્રેસ દ્વારા અમદાવાદના રાજીવ ગાંધી ભવન ખાતે ઉગ્ર દેખાવો કરવામાં આવ્યા હતા. મહિલા કાર્યકરોએ 'હાય રે મોંઘવારી' ના નારા લગાવી અને પોસ્ટરો પ્રદર્શિત કરી સરકાર સામે પોતાનો રોષ વ્યક્ત કર્યો હતો. આ સાથે જ જનતાના હિતમાં ગેસના ભાવ તાત્કાલિક પરત ખેંચવાની માંગ પણ કરવામાં આવી છે.

# ગુજરાતમાં ગરમી વચ્ચે પલટાશે હવામાન: ૧૪ માર્ચ પછી રાજ્યમાં કમોસમી વરસાદની આગાહી

ગાંધીનગર,તા.૦૮

માર્ચ ગુજરાતમાં ઉનાળાની શરૂઆત સાથે જ તાપમાનનો પારો ઊંચકાઈ રહ્યો છે, પરંતુ આ કાળઝાળ ગરમી વચ્ચે હવામાનને લઈને એક મોટી આગાહી સામે આવી છે. જાણીતા હવામાન નિષ્ણાત અંબાલાલ પટેલના જણાવ્યા અનુસાર, ૧૪ માર્ચ પછી રાજ્યના હવામાનમાં મોટો પલટો જોવા મળી શકે



છે. પશ્ચિમી વિક્ષેપ (વેસ્ટર્ન ડિસ્ટર્બન્સ) સક્રિય થવાને કારણે રાજ્યના અનેક વિસ્તારોમાં વાદળછાયું વાતાવરણ અને કમોસમી વરસાદની શક્યતા વ્યક્ત કરવામાં આવી છે.

અંબાલાલ પટેલની આગાહી મુજબ, હાલ એક પશ્ચિમી વિક્ષેપ સક્રિય થયો છે, જેની અસર ખાડી દેશોથી લઈને કચ્છ અને સૌરાષ્ટ્રના વિસ્તારો સુધી જોવા મળી શકે છે. ૮ માર્ચ સુધીમાં રાજ્યના કેટલાક ભાગોમાં વાદળછાયું વાતાવરણ રહેશે. ત્યારબાદ, ૧૪ થી ૧૮ માર્ચ દરમિયાન ફરી એક નવો વિક્ષેપ સક્રિય થવાની સંભાવના છે. આ હવામાન પલટાના કારણે ૧૬ થી ૨૦ માર્ચ દરમિયાન ગુજરાતના કેટલાક વિસ્તારોમાં પવન અને કરા સાથે મધ્યમ વરસાદ પડી શકે છે. આગાહીમાં વધુમાં જણાવાયું છે કે, ૧૬ થી ૨૮ માર્ચ દરમિયાન રાજ્યના વિવિધ ભાગોમાં અચાનક પવન ફૂંકાઈ શકે છે.

# નવસારીમાં કેન્દ્રીય મંત્રીના હસ્તે જળ મહોત્સવનો પ્રારંભ



નવસારી,તા.૦૮

નવસારી જિલ્લામાં વિશ્વ મહિલા દિવસ નિમિત્તે જળ શક્તિ મંત્રાલય દ્વારા 'જળ મહોત્સવ'નો પ્રારંભ કરવામાં આવ્યો છે. કેન્દ્રીય જળ શક્તિ મંત્રી સી.આર. પાટીલે નવસારીના રહેજ ગામથી આ મહોત્સવનો શુભારંભ કરાવ્યો. આ અભિયાન ૮ માર્ચથી શરૂ થઈને ૨૨ માર્ચ, 'વિશ્વ જળ દિવસ' સુધી ચાલશે. આ કાર્યક્રમમાં જળ સંરક્ષણ અને વ્યવસ્થાપન ક્ષેત્રે ઉત્કૃષ્ટ કામગીરી કરનાર ગ્રામીણ મહિલાઓનું સન્માન કરાયું હતું.

# અમદાવાદના બાપુનગરમાં લથડીયા ખાતા ભાજપ નેતાને લોકોએ 'મેથીપાક' આપ્યો



અમદાવાદ,તા.૦૮

અમદાવાદના બાપુનગર વિસ્તારમાં રહેતા અને ભાજપમાં પ્રદેશ આમંત્રિત કારોબારી સભ્ય તેમજ ટ્રાફિક કમિટીના પ્રમુખ જેવા મહત્વના હોદ્દા ધરાવતા વિકી ત્રિવેદીની ધરપકડ કરવામાં આવી છે. ૫ માર્ચના રોજ વિકી ત્રિવેદી પોતાની હોદ્દાનું બોર્ડ મારેલી ગાડી લઈને સરસપુરના ખાવાડ વિસ્તારમાં પહોંચ્યા હતા જ્યાં તેઓ દારૂના નશામાં ચૂર થઈને સ્થાનિકો સાથે અત્યંત બિભત્સ વર્તન કરી રહ્યા હતા. સ્થાનિકોએ તેમને સમજાવવાનો પ્રયાસ કર્યો હોવા છતાં તેમની શાન ઠેકાણે ન આવતા લોકોએ તેમને મેથીપાક ચખાડી પોલીસને હવાલે કર્યા હતા. શહેર કોટડા પોલીસ સ્ટેશનમાં પણ વિકી ત્રિવેદીએ ભાન ગુમાવીને પોલીસ સાથે ગેરવર્તણૂક ચાલુ રાખી હતી. પોલીસે ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

# ધ્રોલમાં ધોરણ-૧૧ સાયન્સની વિદ્યાર્થિનીનો હોસ્ટેલના રૂમમાં ગળાફાંસો ખાઈ આપઘાત



જામનગર,તા.૦૮

જામનગરના ધ્રોલ સ્થિત જી.એમ. પટેલ સ્કૂલની હોસ્ટેલમાં ધોરણ-૧૧ સાયન્સમાં અભ્યાસ કરતી ૧૭ વર્ષીય વિદ્યાર્થિની હિરલ હાથિયાએ ગળાફાંસો ખાઈ જીવન ટૂંકાવ્યું છે. દેવભૂમિ દ્વારકાની રહેવાસી હિરલને શનિવારે જ પરિવારજનો હોસ્ટેલ મૂકી ગયા હતા, જેના ગણતરીના કલાકોમાં આ પગલું ભરતા પરિવાર પર આભ તૂટ્યું છે. ધ્રોલ પોલીસે તપાસ હાથ ધરી છે, જ્યારે વાલીઓએ ઘટના અંગે શંકા વ્યક્ત કરી પેનલ પોસ્ટમોર્ટમની માંગ કરી છે. આ ઘટનાએ શિક્ષણ જગતમાં શોક સાથે ચિંતાનો માહોલ સર્જ્યો છે.

# ગાંધીનગરમાં નિવૃત PSI ના ત્રાસથી ગૃહ વિભાગના પૂર્વ અધિકારીની આત્મહત્યા

**વ્યાજખોરોના ત્રાસથી લીધુ પગલુ**

ગાંધીનગર,તા.૦૮

ગાંધીનગરમાં વ્યાજખોરીના દૂષણે વધુ એક માસૂમ પરિવારની ખુશીઓ છીનવી લીધી છે. ગૃહ વિભાગના નિવૃત સેક્શન ઓફિસર પ્રકાશભાઈ નાયકે અડાલજ કેનાલમાં ઝંપલાવીને પોતાનું જીવન ટૂંકાવ્યું છે જેના કારણે સમગ્ર પંથકમાં ભારે અરેરાટી વ્યાપી ગઈ છે. મૃતક પાસેથી મળી આવેલી બે પાનાની સુસાઈડ નોટમાં નિવૃત પોલીસ સબ ઈન્સ્પેક્ટર શૈલેષ બચુભાઈ નાયક વિરુદ્ધ ગંભીર આક્ષેપો કરવામાં આવ્યા છે. માત્ર ૧૦ લાખ રૂપિયાના ધિરાણ સામે વ્યાજખોરે ૯૦ લાખ રૂપિયા વસૂલ્યા હોવા છતાં તે હજુ પણ વધુ દોઢ કરોડ રૂપિયાની માંગણી કરી માનસિક અને શારીરિક ત્રાસ ગુજારતો હતો. આટલું જ નહીં આરોપીએ મૃતકના પુત્રનું અપહરણ કરી ધાકધમકી આપી તેમની મિલકત પણ પચાવી પાડી હતી જેનાથી કંટાળીને આખરે પ્રકાશભાઈએ આ અંતિમ પગલું ભર્યું છે. હાલ સાંતેજ પોલીસ મથકે નિવૃત PSI વિરુદ્ધ આત્મહત્યા માટે મજબૂર કરવા બદલ ગુનો દાખલ કરવામાં આવ્યો છે.

# રાજયમાં દારૂ વેચવા માટે બૂટલેગરોનો નવો કિમીયો : કારમાં ગુપ્ત ખાના બનાવી થતી દારૂની હેરાફેરી ઝડપાઈ

વડોદરા, તા.૦૮

મુંબઈ-વડોદરા ભારતમાલા એક્સપ્રેસ હાઈવે તેમજ ડભોઇ સ્ટેટ હાઈવે પર વાહનોમાં ગુપ્ત ખાના બનાવીને કરવામાં આવતી વિદેશી દારૂની હેરાફેરીને વડોદરા જિલ્લા પોલીસે ઝડપી પાડી છે. પોલીસે અલગ-અલગ દરોડામાં કુલ પાંચ શખ્સોની ધરપકડ કરી લાખોનો મુદ્દામાલ જપ્ત કર્યો છે.

પ્રાપ્ત વિગતો મુજબ, કરજણ તાલુકાના સાંપા ગામ નજીક પોલીસે વોચ ગોઠવી એક મહિન્દ્રા મેક્સ ગાડીને અટકાવી હતી. તપાસ દરમિયાન ગાડીની પાછળની બોડી નીચે બનાવેલા ગુપ્ત ખાનામાંથી રૂ.૪.૪૫ લાખની કિંમતની ૧,૨૭૬ નંગ દારૂ-બિયરની બોટલો મળી આવી હતી. પોલીસે રાજસ્થાનના ચાલક ભજનલાલ બિશ્નોઈની ધરપકડ કરી કુલ રૂ.૯.૫૦ લાખનો મુદ્દામાલ કબજે કર્યો છે. પૂછપરછમાં ખુલાસો થયો કે આ જથ્થો વાપી-મહારાષ્ટ્ર બોર્ડરથી ભરી વડોદરા પહોંચાડવાનો હતો.

અન્ય એક કાર્યવાહીમાં, ડભોઈના ફરતીકુઈ બસ સ્ટેન્ડ પાસે જિલ્લા એલસીબીએ બે અલગ-અલગ કારને આંતરી હતી. પ્રથમ કારની સીટ નીચે બનાવેલા ગુપ્ત ખાનામાંથી રૂ.૮૯ હજારનો દારૂ ઝડપાયો હતો અને નગીન રાઠવાની ધરપકડ કરાઈ હતી. જ્યારે બીજી કારમાંથી રૂ.૨.૧૬ લાખના દારૂ સાથે રણજીતસિંહ ચૌહાણ અને મહેશ પરમારની ધરપકડ કરવામાં આવી છે. પોલીસે આ બંને કેસમાં કુલ રૂ.૯.૨૩ લાખનો મુદ્દામાલ જપ્ત કરી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

# ઉમરાળાના રંઘોળા ગામે ખેતમજૂરની દોરી વડે ગળુ દબાવી ક્રુર હત્યા



ઉમરાળા,તા.૦૮

ઉમરાળા તાલુકાના રંઘોળા ગામે એક ખેતમજૂરની દોરી વડે ગળું દબાવીને હત્યા કરવામાં આવતા સમગ્ર પંથકમાં ચકચાર મચી ગઈ છે. આ ઘટનાની વિગત મુજબ, પંચમહાલ જિલ્લાના વતની ચીમનભાઈ નાયક રંઘોળામાં ખેતમજૂરી કરતા હતા. ત્રણ મહિના પહેલા તેમણે મજૂરી કામ માટે તેમના માસીના દીકરા દિલીપ નાયકની પ્રથમ પત્ની સવિતાને વતનથી બોલાવી હતી. આ બાબત દિલીપને પસંદ ન આવતા તેણે અગાઉ પણ ચીમનભાઈ સાથે અનેકવાર ઝઘડો કર્યો હતો અને ફોન પર જાનથી મારી નાખવાની ધમકીઓ આપી હતી. અદાવત રાખીને દિલીપ નાયકે અન્ય બે અજાણ્યા શખ્સો સાથે મળી રાત્રિના સમયે વાડીમાં ઘૂસી ચીમનભાઈ પર પથ્થર અને લાકડીઓ વડે જીવલેણ હુમલો કર્યો હતો. ત્યારબાદ શખ્સોએ દોરી વડે તેમનું ગળું દબાવી દીધું હતું. ગંભીર હાલતમાં ચીમનભાઈને હોસ્પિટલ ખસેડવામાં આવ્યા હતા, જ્યાં સારવાર દરમિયાન તેમનું કરુણ મોત નીપજ્યું હતું. આ મામલે મૃતકની પત્ની કૈલાશબેને ફરિયાદ નોંધાવતા ઉમરાળા પોલીસે દિલીપ સહિત ત્રણ શખ્સો સામે ગુનો નોંધી આરોપીઓને ઝડપી પાડવા વધુ તપાસ હાથ ધરી છે.





